RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 6 * Issue No. 146* Date: 25.03.2022 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# રાષ્ટ્રપતિએ ગુજરાત વિધાનસભા ગૃહમાં સંબોધન કર્યું

## સંઘર્ષો વચ્ચે પણ ગુજરાતની ધરતી વધુ શક્તિશાળી બનીને ઊભરી છે : રાષ્ટ્રપતિ રામનાથ કોવિદ



ગાંધીનગર,તા.૨૪

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ આજથી બે દિવસના ગુજરાતના પ્રવાસે આવી પહોંચ્યા છે અમદાવાદ વિમાની મથકે પહોંચતા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે આજે ગુજરાત વિધાનસભા ગૃહમાં સંબોધન કર્યું હતું વિધાનસભાના અધ્યક્ષ નીમાબેન આચાર્યએ સ્વાગત પ્રવચન આપીને વિધાનસભા વતી ભગવત ગીતા ભેટ આપી હતી. તેના બાદ રાષ્ટ્રપતિએ સંબોધન શરૂ કર્યુ હતું.

તેમણે સંબોધનની શરૂઆતમાં કહ્યુ કે, લોકતંત્રના આ મંદિરમાં તમારી વચ્ચે આવીને મને આનંદ થાય છે. મારુ સૌભાગ્ય છે કે બાપુની જન્મભૂમિ ગુજરાતની ભૂમિ પર આવવાના અનેક અવસર મળ્યાં. આ સમારોહ ત્યારે આયોજિત થયો છે, જ્યારે દેશ આઝાદીને અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે. આ માટે ગુજરાતથી વધીને કોઈ મોટુ સ્થાન નથી. સ્વતંત્રતાની કલ્પના કરનારાઓમાં ગુજરાતના લોકો અગ્રણી ભૂમિકામાં હતા. દાદાભાઈ નવરોજી, ફીરોઝશાહ જેવાએ અવાજ ઉઠાવ્યો હતો, જેને ગુજરાતના લોકોએ મજબૂત બનાવી. અંતે મહાત્મા ગાંધીના માર્ગદર્શનમાં સ્વતંત્રતા મળી. આજે વિશ્વમાં કોઈ હિંસા થાય ત્યારે બાપુના મૂળ મંત્ર અહિંસાના માર્ગનો અહેસાસ થાય છે. ગુજરાતનો ઈતિહાસ અદ્વિતીય રહ્યો છે. સત્યાગ્રહની ભૂમિ પણ કહેવાય છે.

તેમણે કહ્યુ કે, બારડોલી સત્યાગ્રહ, દાંડી માર્ચ અને મીઠા સત્યાગ્રહએ સ્વતંત્રતા સંગ્રામને નવો વેગ આપ્યો. બારડોલી સત્યાગ્રહથી સરદાર પટેલનો મહાન જનનાયક તરીકે ઉદય થયો. દેશવાસીઓના હૃદયમાં સરદાર પટેલનું કદ તેમની પ્રતિમા કરતા પણ ઉંચુ છે. રાજનીતિની સાથે સાંસ્કૃતિ, સામાજિક અને આર્થિક ક્ષેત્રે પણ ગુજરાતની ભૂમિકા મહત્વની છે. વૈષ્ણવજન તો તેને રે કહીએ સ્વતંત્રતા સંગ્રામનું ગીત બન્યુ હતું. આ ભજને માનવતાવાદને રજૂ કર્યુ. હંસા મહેતાએ સંયુક્ત રાષ્ટ્રસંઘમાં મહિલાઓને પુરુષોના સમકક્ષ સ્થાન અપાવવાનું કામ કર્યુ. ગુજરાતના લોકોની ઉદારતા ભારતીય સંસ્કૃતિની પ્રમુખ વિશેષતા રહી છે. અહીંના તમામ મંદિરોમાં વિવિધતામાં એકતાના દર્શન થાય છે.

સંબોધનમાં તેમણે કહ્યુ કે, સંઘર્ષોથી સદા વિકસિત આ ધરતી પહેલાથી પણ વધુ વિકસિત બની છે. આધુનિક યુગમાં વિજ્ઞાન ક્ષેત્રે ગુજરાતનું અમૂલ્ય યોગદાન છે. ૧૯૬૦ મા અલગ અસ્તિત્વ બન્યા બાદ આ રાજ્ય ઈનોવેશન ક્ષેત્રે આગળ રહ્યુ. આ વિકાસ માટે તમામ પૂર્વ મુખ્યમંત્રીઓના યોગદાનના વખાણ કરું છું. ગુજરાતની વિકાસયાત્રાને યાત્રા વધારવા સીએમ મુખ્યમંત્રી અને તેમની ટીમને મારી શુભેચ્છા છે. ગુજરાત એકમાત્ર રાજ્ય છે, જ્યા વિધાનસભા દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ઈન્વેસ્ટ અને વિકાસમાં પ્રોત્સાહન આપવા ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ એક્ટ બનાવવામાં આવ્યો છે.

રાષ્ટ્રપતિએ કહ્યુ કે, 'તમે તમારા વિસ્તારના પ્રતિનિધિ છો. પણ મહત્વનુ છે, પણ તમારી જનતા તમને ભાગ્યવિધાતા માને છે. તેમની ઈચ્છા તમારી સાથે જોડાયેલી છે. તેમની ઈચ્છા પૂરી કરવાનો તમારો પ્રયાસો સર્વોપરી હોવો જોઈએ.' આવુ કહીને તેમણે ધારાસભ્યોને ટકોરતા કહ્યુ હતુ કે શુ હવે આ બાબત પર તાળીઓ નહિ વગાડો?

તેમણે કહ્યુ હતું કે, ગુજરાતના લોકોનો દેશપ્રેમ વિશ્વ વિખ્યાત છે. તેઓ ગમે ત્યા રહે પણ માતૃભૂમિ સાથે હંમેશા જોડાયેલા રહે છે. તેમણે ગુજરાતી પંક્તિ વર્ણવી હતી. ગુજરાત સાથે મારો નાતો જૂનો છે. ૭૦ ના દાયકાથી મારુ અહી આવવાજવાનુ થાય છે. મારી પ્રત્યેક યાત્રામાં એ ઉર્જાનો અનુભવ કર્યો, જે ગુજરાતની જનતામાં જોવા મળે છે. આ મારુ સૌભાગ્ય છે કે યુવાવસ્થામાં મોરારજી દેસાઈ સાથે કામ કરવાની તક મળી, તેઓ પ્રધાનમંત્રી પણ બન્યા હતા. બાદમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે કામ કરવાની તક મળી.

જો કે રાષ્ટ્રપતિના આગમનને લઈને અનેક ધારાસભ્યોએ શિસ્તનું પાલન કર્યું ન હતું ધારાસભ્યોને ૧૦.૩૦ સુધી બેઠક વ્યવસ્થા લઈ લેવાની સૂચનાઓ હોવા છતાંય ૧૦.૫૦ સુધી ધારાસભ્યો ગૃહમાં ફોટા પડાવતા રહ્યા હતા. આખરે દંડક પંકજ દેસાઈએ ધારાસભ્યોએ ટકોર કરીને તમામને પોતાની બેઠક વ્યવસ્થા પર જવા માટે કહ્યું હતું.

ગૃહમા રાષ્ટ્રપતિ, રાજ્યપાલ અને વિધાનસભા અધ્યક્ષ ત્રણે સાથે બેસ્યા હતા. જેથી ત્રણ ખુરશી રાખવામાં આવી હતી. અલગ અલગ કલરના ફુલોથી બેસવાની જગ્યા શણગારાઈ હતી. સાથે જ રાષ્ટ્રપતિની રંગોળી પણ બનાવાવમાં આવી હતી. જગન્નાથ મંદિર, અમદાવાદના દિલીપ દાસજી મહારાજ, વૈષ્ણવ સંપ્રદાયના દ્વારકેશલાલજી પણ પ્રક્ષેક ગેલેરીમાં હાજર રહ્યાં હતાં

રાષ્ટ્રપતિ રામનાથ કોવિદના સંબોધન સમયે પ્રક્ષેક ગેલેરીમાં વિશેષ આમંત્રિતોને સ્થાન અપાયુ છે. એક ગેલેરીમાં પદ્મ સન્માનિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં તો બીજી ગેલેરીમાં રાજ્યની તમામ યુનિવર્સિટીના ઉપકુલપતિઓને સ્થાન આપવામાં આવ્યું હતું. ત્રીજી ગેલેરીમાં રાજ્ય સરકારના સિનિયર અધિકારીઓને સ્થાન આપવામાં આવ્યું હતું

દેશવાસીઓના હૃદયમાં સરદાર પટેલનું કદ તેમની પ્રતિમા કરતા પણ ઉંચુ છે. રાજનીતિની સાથે સાંસ્કૃતિ, સામાજિક અને આર્થિક ક્ષેત્રે પણ ગુજરાતની ભૂમિકા મહત્વની છે. વૈષ્ણવજન તો તેને રે કહીએ સ્વતંત્રતા સંગ્રામનું ગીત બન્યુ હતું. આ ભજને માનવતાવાદને રજૂ કર્યુ. હંસા મહેતાએ સંયુક્ત રાષ્ટ્રસંઘમાં મહિલાઓને પુરુષોના સમકક્ષ સ્થાન અપાવવાનું કામ કર્યુ. ગુજરાતના લોકોની ઉદારતા ભારતીય સંસ્કૃતિની પ્રમુખ વિશેષતા રહી છે. અહીંના તમામ મંદિરોમાં વિવિધતામાં એકતાના દર્શન થાય છે.

વિધાનસભામાં પોતાનું સંબોધ પૂર્ણ કર્યા બાદ રાષ્ટ્રપતિ રાજભવન પરત ફરશે, રામનાથ કોવિંદ અહીં જ રાત્રી રોકાણ કરશે અને ૨૫ માર્ચે સવારે ૭.૫૫ વાગ્યે જામનગર જવા રવાના થશે. અહીંથી તેઓ સવારે ૯ વાગ્યે જામનગર એરપોર્ટ પહોંચશે. ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રપતિ આવતીકાલે ૨૫ માર્ચે જામનગરની મુલાકાત લેશે.જ્યાં ઈન્ડિયન નવલ શિપ વાસસુરાને 'પ્રેસિડેન્ટ્સ કલર' એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે.આ સન્માનના કાર્યક્રમ દરમિયાન ૧૫૦ જવાનો દ્વારા 'ગાર્ડ ઓફ ઓનર' સાથે રાષ્ટ્રપતિને માન આપવા માટે ઔપચારિક પરેડ રજૂ કરવામાં આવશે.જ્યાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, નૌસેના સ્ટાફના વડા એડમિરલ આર. હરી કુમાર, સધર્ન નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ વાઈસ એડમિરલ એમ.એમ. હમ્પિહોલી સહિતના લોકો ઉપસ્થિત રહેનાર છે.

# શ્રીલંકામાં આર્થિક સંકટ વધતાં લોકોએ શરણ લેવા ભારત તરફ દોટ મુકી

રામેશ્વરમ,તા.૨૪

ભારતનો પડોશી દેશ શ્રીલંકા સૌથી ખરાબ આર્થિક સંકટનો સામનો કરી રહ્યો છે. ઉપરાંત વીજળીનો ભારે કાપ અને જીવનજુરરી ચીજવસ્તુઓની અછત સર્જાઈ છે, જેના પગલે મોટા પ્રમાણમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. આ દરમિયાન મોટી સંખ્યામાં શ્રીલંકાના નાગરિકોએ ભારતમાં શરણ લેવા ધસારો શરૂ કર્યો છે.ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા મંગળવારે ત્રણ બાળકો સહિત છ શ્રીલંકન નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી.

આ લોકો બેરોજગારી અને ભોજનની અછતને લીધે ભાગી રહ્યા હતા.શ્રીલંકાએ મંગળવારે પેટ્રોલપંપો પર સૈનિકો ગોઠવ્યા છે. આવું એટલા માટે કરવામાં આવ્યું છે કે છેલ્લા કેટલાક દિવસોથી હજારો વાહનોના ડ્રાઈવરો વચ્ચે ઘર્ષણ થયું, જે પેટ્રોલ માટે રોજ લાઈનમાં ઊભા રહેતા હતા.છેલ્લા એક વર્ષથી ભીષણ સંકટથી સામનો કરી રહેલા શ્રીલંકામાં હજુ પરિસ્થિતિ એટલી ખરાબ છે કે શનિવારે પેટ્રોલ ભરાવવા ઊભેલા ત્રણ વૃદ્ધ વ્યક્તિના મોત થયા છે. દેશમાં વિદેશી હુડિયામણના સંકટની વચ્ચે પેટ્રોલિયમ પેદાશોની કિંમત ઊંચા સ્તરે પહોંચી છે, જેનાથી મોંઘવારી વધી ગઈ છે અને જરુરી ચીજવસ્તુઓની અછત સર્જાઈ છે.

પડોશી દેશમાં મોંઘવારી અને આર્થિક સંકટને પગલે પરિસ્થિતિ વણસી રહી છે. બેરોજગારી ગંભીર મુદ્દો છે અને જરુરી ચીજવસ્તુ માટે લોકો તરસી રહ્યા છે. દેશમાં ઈંધણની કિંમતો આસમાને પહોંચી રહી છે અને જેના લીધે લોકો ખૂબ પરેશાન છે.શ્રીલંકાનું આર્થિક સંકટ વિદેશી હુંડિયામણની ગંભીર અછતને લીધે પેદા થયું છે, જેના લીધે વેપારીઓને આયાત કરવામાં મુશ્કેલી પડી રહી છે. દેશનો પ્રવાસન ઉદ્યોગ, વિદેશી હુંડિયામણનો પ્રાથમિક સ્રોત રહ્યો છે, પરંતુ કોવિડ-૧૯ મહામારીને લીધે તેની પર પણ માઠી અસર પડી છે.

# યોગીના શપથ ગ્રહણમાં ફિલ્મી કલાકારો અને ઉદ્યોગપતિઓને આમંત્રણ મોકલાયા

લખનૌ,તા.૨૪

યોગી સરકારના બીજા કાર્યકાળના શપથ ગ્રહણ સમારોહને ભવ્ય બનાવવા માટે ભારતીય જનતા પાર્ટીએ ઝીણવટભરી તૈયારીઓ કરી લીધી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય પ્રધાનો, ભાજપ શાસિત રાજ્યોના મુખ્ય પ્રધાનો અને નાયબ મુખ્ય પ્રધાનો અને ઉદ્યોગપતિઓ તેમજ ઋષિ-મુનિઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. એટલું જ નહીં, યોગી આદિત્યનાથના શપથ ગ્રહણ સમારોહમાં બોલિવૂડના ફિલ્મ સ્ટાર્સ પણ હાજરી આપશે.

પ્રાપ્ત માહિતી અનુસાર,કાલે ૪.૦૦ વાગ્યે લખનૌના અટલ બિહારી વાજપેયી એકાના સ્ટેડિયમમાં યોજાનાર શપથ ગ્રહણ સમારોહમાં લગભગ ૭૦ હજાર લોકો સામેલ થશે. શપથગ્રહણની તૈયારીઓને આખરી ઓપ આપવામાં વહીવટી સ્ટાફ વ્યસ્ત છે. રાજનેતાઓ અને ઉદ્યોગપતિઓ સિવાય કેટલાક બોલિવૂડ સ્ટાર્સને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. યોગી સરકારના બીજા કાર્યકાળના શપથ ગ્રહણ સમારોહ માટે બોલિવૂડ સ્ટાર્સ અક્ષય કુમાર, કંગના રનૌત, અજય દેવગન, બોની કપૂર, અનુપમ ખેર, વિવેક અગ્નિહોત્રી સહિત ઘણા દિગ્દર્શકો, નિર્માતાઓ અને કલાકારોને આમંત્રણ મોકલવામાં આવ્યા છે.વાસ્તવમાં, ૨૦૨૪માં યોજાનારી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને, જ્યાં સીએમ યોગીના શપથ ગ્રહણ સમારોહમાં દેશની પ્રતિષ્ઠિત હસ્તીઓને આમંત્રિત કરવામાં આવી રહ્યા છે, ત્યારે પીએમ નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિત ભાજપ રાષ્ટ્રીય પ્રમુખ જેપી નડ્ડા. દેશભરમાંથી મોટા નેતાઓ અને ભાજપ શાસિત મુખ્યમંત્રીઓનો મેળાવડો પણ હશે. આ સાથે સીએમ યોગીના શપથ ગ્રહણ સમારોહ માટે રાજ્યભરમાંથી પાર્ટીના અધિકારીઓ અને કાર્યકરોને પણ બોલાવવામાં આવ્યા છે.રાજ્યની બૌદ્ધિક અને ન્યાયિક રાજધાની કહેવાતા પ્રયાગરાજના લગભગ ૫૦૦ વિશેષ અતિથિઓને પણ સીએમ યોગી આદિત્યનાથના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. જેમાં અતિ વિશેષ મહેમાનોની સાથે ભાજપના ૪૦૦ જેટલા પદાધિકારીઓ અને કાર્યકરો હાજર રહેશે. સીએમ યોગી આદિત્યનાથના શપથ ગ્રહણ માટે પ્રયાગરાજના સાધુ-સંતોને પણ ખાસ આમંત્રણ આપવામાં આવ્યું છે. સંતોમાં અખિલ ભારતીય અખાડા પરિષદના મહાસચિવ મહંત હરિ ગિરી મહારાજ, મહાનિર્વાણ અખાડાના સચિવ યમુના પુરી મહારાજ, શ્રી મઠ બાગમ્બરી ગદ્દી અને બડે હનુમાન મંદિરના મહંત બલવીર ગિરીને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. આ સાથે તમામ ૧૩ અખાડાઓના પ્રતિનિધિઓને પણ શપથ ગ્રહણ માટે બોલાવવામાં આવ્યા છે.શપથ ગ્રહણ સમારોહ માટે બીએચયુ ચાન્સેલર જસ્ટિસ ગિરધર માલવિયા અને બીએચયુના ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર પ્રોફેસર જીસી ત્રિપાઠીને આમંત્રણ આપવામાં આવ્યું છે. જોકે બીએચયુ ચાન્સેલર જસ્ટિસ ગિરધર માલવિયાએ સ્વાસ્થ્યના કારણોસર શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે અસમર્થતા વ્યક્ત કરી હતી, પરંતુ તેમણે સીએમ યોગી આદિત્યનાથના શપથ ગ્રહણ સમારોહ માટે તેમની શુભેચ્છાઓ આપી છે.

# તેજસ્વી યાદવ બિહારના દિગ્ગજ યાદવ નેતાઓની ઘર વાપસી કરાવવામાં લાગ્યા

## એક અઠવાડીયામાં બીજી પાર્ટીનો રાજદમાં વિલય





પટણા,તા.૨૪

બિહારમાં રાજદની છત્રી નીચે દિગ્ગજ યાદવ નેતાઓની ગોલબંધી થઈ રહી છે.પૂર્વ કેન્દ્રીયમંત્રી શરદ યાદવ બાદ પૂર્વ કેન્દ્રીય મંત્રી દેવેન્દ્ર પ્રસાદ યાદવ ઘર વાપસી કરવા જઈ રહ્યાં છે.દેવેન્દ્ર યાદવ પોતાના સમર્થકોની સાથે લોહિયા જંયતી પ્રસંગ પર રાજદમાં સામેલ થયા છે આ સાથે જ તેમણે પોતાની પાર્ટી સમાજવાદી જનતાદળ ડેમોક્રેટિકનું રાજદમાં વિલય કર્યું છે.આ પહેલા શરદ યાદવે પોતાની પાર્ટી લોકતાંત્રિક જનતાદળનું વિલય કરી ચુકયા છે અને હવે દેવેન્દ્ર યાદવ પણ રાજદમાં ફર્યા છે.બિહારમાં શરદ યાદવ અને દેવેન્દ્ર યાદવે ક્યારેક રાજદ પ્રમુખ લાલુ પ્રસાદ યાદવની સાથે મળી રાજનીતિની શરૂઆત કરી હતી પરંતુ સમયની સાથે એક બીજાના વિરોધી થઈ ગયા હતાં કટોકટી દૌરમાં નિકળેલા આ ત્રણેય નેતાઓનો પોત પોતાના રાજકીય આધાર રહ્યો છે શરદ યાદવ તો લાલુ પ્રસાદ યાદવની વિરૂધ્ધ લોકસભા ચુંટણી પણ લડી ચુકયા છે તો દેવેન્દ્ર યાદવ રાજદની વિરૂધ્ધ કિસ્મત અજમાવી ચુકયા છે.શરદ યાદવ અને દેવેન્દ્ર યાદવે એક દૌરમાં નીતીશકુમારની જદયુની સાથે રહેતા લાલુ યાદવની વિરૂધ્ધ મોરચો ખોલ્યો હતો તેનું નુકસાન રાજકીય રીતે રાજદને ભોગવવું પણ પડયું હતું પરંતુ સમયે બંન્ને જ નેતાઓને એવી જગ્યાએ લાવીને ઉભા કરી દીધા છે કે તેમની વિરૂધ્ધ અત્યાર સુધી બળવાનો ઝંડો લઈ ચાલી રહ્યાં હતાં હવે તેજ ઝંડાની નીચે આવી ભાજપ અને નીતીશકુમારનો રાજકીય સામાનો કરશે.એ યાદ રહે કે કટોકટીની વિરૂધ્ધ શરદ યાદવ અને દેવેન્દ્ર યાદવે પોતાની રાજનીતિ ઈનિગ્સની શરૂઆત જે પી આંદોલનથી કરી હતી શરદ ૧૯૭૪માં મધ્યપ્રદેસના જબલપુરથી સાંસદ બન્યા હતાં તો દેવેન્દ્ર યાદવ ૧૯૭૭માં બિહારથી ધારાસભ્ય ચુંટાયા હતાં જયારે લાલુ યાદવે પણ આ દૌરમાં રાજકીય પગલા માંડયા હતાં ત્રણેય નેતા એક સાથે ચાલ્યા હતાં અને જનતા દળ સુધી સાથે રહ્યાં દેવેન્દ્ર બિહારમાં કર્પુરી ઠાકુરની સરકારમાં મંત્રી રહ્યાં તો લાલુ યાદવ અને શરદ યાવ કેન્દ્રમાં હતાં જો કે ત્રણેય નેતાઓની રાજનીતિ જયારે અલગ થઈ ત્યારે લાલુ યાદવ મુખ્યમંત્રી બન્યા હતાં.

# હરિદ્વારનાં ડીએમનો આદેશ

## શિક્ષકોને કલાસરૂમમાં મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ

હરિદ્વાર,તા.૨૪

ઉત્તરાખંડના હરિદ્વાર જિલ્લા પ્રશાસને એક પરિપત્ર જારી કરીને શાળાના શિક્ષકોને કલાસરૂમ મોબાઈલ ફોન લઈ જવા પર પ્રતિબંધ મૂક્યો છે. જિલ્લા મેજિસ્ટ્રેટ વિનય શંકર પાંડેએ શિક્ષકોને વર્ગખંડમાં મોબાઈલ ફોનનો ઉપયોગ કરવા બદલ "કડક શિસ્તના પગલાં" લેવાની ચેતવણી પણ આપી છે. શંકર પાંડેએ જણાવ્યું છે કે, આ આદેશ જિલ્લાની તમામ સરકારી અને ખાનગી શૈક્ષણિક સંસ્થાઓને લાગુ પડશે. આદેશ મુજબ, શિક્ષકોએ વર્ગોમાં પ્રવેશતા પહેલા તેમના ફોન આચાર્યના રૂમમાં જમા કરાવવાના રહેશે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, "અમે ઘણા સમયથી જોઈ રહ્યા છીએ કે 'શિક્ષકો વર્ગોમાં પણ તેમના મોબાઈલ ફોનમાં વ્યસ્ત હતાં.'

આ આદેશ વિશે વધુમાં તેઓએ કહ્યું કે,' તેમને ઘણા સમયથી વિદ્યાર્થીઓના વાલીઓ તરફથી ફરિયાદો મળી રહી છે. અમે ફરિયાદોની ચકાસણી માટે અમારા મેજિસ્ટ્રેટને મોકલ્યા છે. અને અમે આદેશ જારી કર્યો છે કે શિક્ષકો તેમના મોબાઈલ ફોન શાળાઓમાં લઈ જઈ શકે છે પરંતુ તેઓએ તેને આચાર્યના રૂમમાં જમા કરાવવાના રહેશે. તેઓ તેમના મોબાઈલ ફોન વિના વર્ગમાં પ્રવેશ કરશે.'

ડીએમએ કહ્યું કે, શિક્ષકના પરિવારમાં કોઈ મેડિકલ ઈમરજન્સીના કિસ્સામાં છૂટ આપી શકાય છે. તેમણે વધુમાં કહ્યું, " પરિપત્રનો અમલ કરાવવાની જવાબદારી શાળાનાં આચાર્યની રહેશે.

## તંત્રી સ્થાનેથી...

# બેલગામ હિંસા

રાજકીય હિંસાની ઘટનાઓથી મોં ફેરવી લેવાનાં કેવાં ગંભીર પરિણામો આવે છે, તેનું પ્રમાણ છે બંગાળના બીરભૂમ જિલ્લામાં તૃણમૂલ કોંગ્રેસના એક નેતાની હત્યા બાદ આ જ પક્ષના વિરોધી ગણાતા જૂથના લગભગ દસ લોકોની કરાયેલી હત્યા. આ ઘટના એટલા માટે વધુ ખોફ પેદા કરનારી છે, કારણ કે લોકોને જીવતા બાળી મૂકવામાં આવ્યા. બંગાળમાં આ પ્રકારની ઘટનાઓ નવી નથી. થોડા સમય પહેલાં એક જ દિવસમાં બે પાર્ષદોની હત્યા કરવામાં આવી હતી. આ બંને હત્યાઓ નિગમ ચૂંટણીઓ બાદ થઈ હતી. આ હત્યાઓએ હિંસાની એ ભીષણ ઘટનાઓની યાદ દેવડાવી દીધી, જે વિધાનસભા ચૂંટણીઓ બાદ થઈ હતી અને જેમાં તૃણમૂલ કોંગ્રેસના સમર્થકો ભાજપ, ડાબેરી પક્ષો અને કોંગ્રેસના સમર્થકો પર તૂટી પડ્યા હતા. પ્રદેશ અને દેશને નીચાજોણું કરાવનારી આ હિંસામાં ડઝનબંધ લોકો માર્યા ગયા હતા, એટલું જ નહીં, પરંતુ મોટા પાયે આગચંપી અને લૂંટફાટ પણ કરવામાં આવી હતી. આ હિંસા એટલી ભીષણ હતી કે કેટલાય લોકોએ જીવ બચાવવા માટે પડોશી રાજ્ય અસમમાં પલાયન કરવું પડ્યું હતું. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ હિંસાની આ ઘટનાઓની ત્યારે નોંધ લીધી હતી, જ્યારે દેશભરમાં તેમની ટીકા થવા લાગી. તથ્ય એ પણ છે કે એ હિંસા દરમ્યાન બંગાળ પોલીસ મૂકદર્શક બની રહી હતી અને એ જ કારણે કલકત્તા હાઈકોર્ટે આ ઘટનાઓની સીબીઆઈ તપાસના આદેશ આપવા પડ્યા હતા. હાઈકોર્ટે આ ઘટનાઓની તપાસ રાષ્ટ્રીય માનવાધિકાર પંચ પાસે પણ કરાવી હતી, જેણે પોતાના રિપોર્ટમાં કહ્યું હતું કે બંગાળમાં કાયદાનું રાજ નહીં, સત્તામાં બેઠેલા લોકોનો કાયદો ચાલી રહ્યો છે.

મુખ્યમંત્રી મમતા બેનર્જીને ના તો બંગાળ શાસન પર કાળી ટીલી લગાવતો માનવાધિકાર રિપોર્ટ ગમ્યો કે ના તેમણે તેના પરથી કોઈ બોધ લીધો. એનું જ પરિણામ છે કે બંગાળમાં રાજકીય હિંસાનો સિલસિલો અટકતો નથી. તેનું કારણ એ જ છે કે પરિવર્તનના નારા સાથે સત્તામાં આવેલી તૃણમૂલ કોંગ્રેસે એ જ રીતભાતો અપનાવી લીધી છે, જે ડાબેરી દળો અજમાવતા હતા. બંગાળની સ્થિતિ કાયદો અને વ્યવસ્થા માટે ખૂબ ચિંતાજનક છે, સાથે જ લોકતંત્ર માટે પણ આવી સ્થિતિ આઘાતજનક છે. એ યોગ્ય રહેશે કે ચૂંટણી પંચ આ રાજ્યમાં થનારી પેટા ચૂંટણીઓમાં કેન્દ્રીય દળો તૈનાત કરવાની માંગ પર ગંભીરતાથી વિચાર કરે. જેમ બંગાળ રાજકીય હિંસા માટે કુખ્યાત છે, એવી જ રીતે કેરળ પણ. જ્યારે બાકી દેશમાં રાજકીય અને ચૂંટણી હિંસા પર ઘણી હદ સુધી લગામ લાગી શકી છે, ત્યારે બંગાળ અને કેરળ અપવાદ રહે તે શુભ સંકેત નથી. બંગાળ અને કેરળમાં કાયદાના શાસનની સ્થાપના થાય, તેના માટે કેન્દ્ર સરકારની સાથે જ સુપ્રીમ કોર્ટે પણ સક્રિય થવું જોઈએ.

## યુક્રેન સંકટ: ભારતે રાષ્ટ્રહિતમાં તમામ નિર્ણય લીધા : વિદેશ મંત્રી

નવીદિલ્હી,તા.૨૪

રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલુ છે. આ યુદ્ધમાં બંને દેશોએ ભારે નુક્સાન સહન કરવું પડી રહ્યું છે. જેનો પ્રભાવ સમગ્ર દુનિયા પર પડ્યો છે.

આ યુદ્ધને લઈને જ્યાં અમેરિકા સહિત પશ્ચિમી દેશો યુક્રેનનું સમર્થન કરી રહ્યા છે ત્યાં ભારતે બંનેમાંથી એક પણ દેશનું સમર્થન કર્યું નથી. જો કે આ દરમિયાન ભારતે યુદ્ધને ખતમ કરવાની અપીલ પણ કરી અને યુક્રેનને મદદ પણ પહોંચાડી છે.

આ બધા વચ્ચે ભારત પર યુક્રેન મુદ્દે અસ્થિર રહેવાનો આરોપ લાગતો રહ્યો. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને પણ ટિપ્પણી કરી હતી કે ભારત યુક્રેન મુદ્દે ડામાડોળ (અસ્થિર) છે. આ ટિપ્પણી પર સંસદમાં જવાબ આપતા વિદેશમંત્રી એસ જયશંકરે કહ્યું કે ભારતીય વિદેશ નીતિના નિર્ણય રાષ્ટ્રહિતમાં લેવાય છે. આ બાજુ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં રશિયા દ્વારા યુક્રેનમાં માનવીય સંકટ પર પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો જેના પર ભારત સહિત ૧૩ સભ્ય દેશોએ મતદાનથી અંતર જાળવ્યું.

# સમસ્ત મહાજને મહારાષ્ટ્રની પાંજરાપોળોને રૂ. ૫૧ લાખના ચેક વિતરીત કર્યા

### રાજ્યના પશુસંવર્ધન પ્રધાન શ્રી સુનીલ કેદારના હસ્તે ચેકનું વિતરણ થયું, જેમણે સંસ્થાનાં ઉત્કૃષ્ટ કાર્યોની મુક્તને પ્રશંસા કરી

અગ્રણી સેવાસંસ્થા સમસ્ત મહાજનના ઉપક્રમે ગુરુવારે મહારાષ્ટ્રના પશુસંવર્ધન, ડેરી વિકાસ તથા રમતગમત અને યુવા ઉત્કર્ષ પ્રધાન શ્રી સુનીલ કેદારના હસ્તે તેમના સત્તાવાર નિવાસસ્થાને રાજ્યની બાવીસ પાંજરાપોળોને રૂ. ૫૧ લાખના દાનના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહ, અન્ય ટ્રસ્ટીઓ, લાભાર્થી પાંજરાપોળોના પદાધિકારીઓ તથા શિવસેનાનાં વિધાનસભ્ય ગીતા જૈન પણ ઉપસ્થિત હતાં. પણ ઉપસ્થિત હતા. ઉનાળાના આગમનથી દેશની પાંજરાપોળો તથા ગૌશાળાઓ માટે હવે પછીનાં થોડાં સપ્તાહ મુશ્કેલ બની શકે છે. ચારાપાણીની તંગી સહિત અબોલ જીવોએ કાળઝાળ ગરમીને લીધે હાલાકીઓ સહન કરવી પડી શકે છે. એવામાં સમસ્ત મહાજને બાવીસ પાંજરાપોળોને આપેલી આર્થિક સહાય તેમના સુચારુ સંચાલનમાં ઉપયોગી થવા સાથે પશુઓની મુશ્કેલીઓ ઓછી કરશે.

સમસ્ત મહાજનની સેવાને બિરદાવતાં સુનીલ કેદારે સંસ્થા તથા ગિરીશભાઈની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું, “સમસ્ત મહાજનનાં સેવાકાર્યો અભિનંદનને પાત્ર છે. ગિરીશભાઈના વડપણમાં સૌ સાથીઓ જે કાર્ય કરી રહ્યા છે તે ખરેખર પ્રેરક છે.”

આ પ્રસંગે ગિરીશભાઈએ કહ્યું હતું, “દેશનાં બહુ ઓછાં રાજ્યો પાંજરાપોળો તથા ગૌશાળાઓને સબસિડી આપે છે. સતત વધતી મોંઘવારીમાં પશુસંસ્થાઓ માટે નિભાવ પ્રતિદિન અઘરો થયો છે. અમે આ વાતથી સુપેરે વાકેફ હોઈ અમારો પ્રયત્ન આ સંસ્થાઓને મહત્તમ સાથ પૂરો પાડવાનો હોય છે. અમારી આશા છે કે મહારાષ્ટ્ર સરકાર પશુસંસ્થાઓની સમસ્યાઓ વિશે સહૃદયી ભાવ કેળવતાં તેમને પીઠબળ પૂરું પાડે.”

માંદાં અને ઘાયલ પશુઓની તત્કાળ સારવાર કરી શકતી સંપૂર્ણ સગવડસજ્જ એમ્બ્યુલન્સનું પણ સુનીલ કેદાર હસ્તે અનાવરણ થયું હતું. રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ અને અર્હમ યુવા સેવા ગ્રુપે સમસ્ત મહાજનને આ એમ્બ્યુલન્સ અર્પણ કરી છે. એમ્બ્યુલન્સનો હેલ્પલાઈન નંબર ૯૧૫૨૯૯૫૩૯૯ છે.

આ પ્રસંગે સંસ્થાના ભોજનરથના એક વરસથી વધુના સેવાકાળની વિગતો દર્શાવતી પુસ્તિકાનું પ્રકાશન પણ થયું હતું. રોજ ઓછામાં ઓછા ૩૦૦ અને વિશેષ દિવસોમાં ૩,૮૦૦ લોકોની ક્ષુધા સંતોષતી આ સેવા ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૧થી લગાતાર જારી છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજનના ખૂણેખૂણે ભોજન પીરસતા ભોજનરથે સાત્વિક, શાકાહારી ભોજન સાથે જરૂરિયાતમંદો પરિવારો, મહિલાઓ, બાળકોને અનાજ, બ્લેંકેટ્સ, રેઈનકોટ્સ, સ્કૂલ બેગ્સ, લોન્ગ બુક્સ જેવી જીવન જરૂરિયાતની ચીજો પૂરી પાડી છે. કોવિડ-૧૯ના લૉકડાઉનમાં ઘેરઘેર જઈને લોકોને ભોજન પહોંચાડવાનું કાર્ય પણ કર્યું છે. સામૂહિક હિજરત વખતે વિશાળ માંડવા ઊભા કરી હિજરતીઓને ભોજન, છાશ, ખીચડી, ચંપલો અને ચટાઈઓ સુધ્ધાં પૂરાં પાડવામાંઆવ્યાં હતાં.



વધુ માહિતી માટે સંપર્ક: ગિરીશભાઈ શાહ ૯૮૨૦૦૨૦૯૭૬ ઈમેઈલ: samastmahajan9@gmail.com

# ‘ધ કશ્મીર ફાઇલ્સ’ - હિંદુ મહિલાઓના મન પરના ઘા ! આ વિષય પર ‘ઓનલાઈન’ વિશેષ સંવાદ !

**કાશ્મીરી મુસલમાનોએ જેહાદી આતંકવાદીઓને સહાયતા કરી, એટલા માટે જ હિંદુઓનો નરસંહાર કરવાનું સહેલું પડ્યું ! - ડો. ક્ષમા કૌલ, સાહિત્યકાર, જમ્મુ**




કાશ્મીરી હિંદુઓના નરસંહારનું સત્ય અંતે સમાજે માનવું જ પડ્યું. ‘ધ કશ્મીર ફાઈલ્સ’ ચલચિત્રને કારણે આ સંભવ થયું. વર્ષ ૧૯૯૦ની ભયાનક કાળરાત્રિ પછી તાત્કાલીન સરકાર કાશ્મીરી હિંદુઓ માટે કાંઈક કરશે, એમ લાગતું હતું; પણ તેમ કાંઈ બન્યું નથી અને કાશ?મીરી હિંદુઓ સાથે જ મહિલાઓ પરના અત્યાચારો ચાલુ જ રહ્યા. કાશ્મીરમાંના મુસલમાન પુરુષો સહિત મુસલમાન મહિલાઓએ પણ જેહાદી-આતંકવાદીઓની સહાયતા કરી, તેથી જ જેહાદીઓને કાશ્મીરી હિંદુઓનો નરસંહાર કરવાનું સરળ પડ્યું, એવી ધક્કાદાયક વાસ્તવિકતા જમ્મુ ખાતેના સાહિત્યકાર ડૉ. ક્ષમા કૌલે પ્રસ્તુત કરી. તેઓ હિંદુ જનજાગૃતિ સમિતિ વતી આયોજિત ‘ધ કશ્મીર ફાઈલ્સ’ - હિંદુ મહિલાઓના મન પરના ઘા !’ આ ઑનલાઈન વિશેષ સંવાદમાં બોલી રહ્યા હતા.

આ સમયે ‘ધ ન્યૂ ઇંડિયન’ના સંસ્થાપક-સંપાદક આરતી ટિક્કુએ કહ્યું કે, ૧૯૯૦ના દાયકામાં થયેલા કાશ્મીરી હિંદુઓના સામૂહિક હત્યાકાંડની વાસ્તવિકતા ફરી એકવાર ઉજાગર થઈ છે. કાશ્મીરી હિંદુઓના નરસંહારનું સત્ય કોણે છૂપાવ્યું અને તેને ઉજાગર થવા ન દીધું, તેની તપાસ થવાની આવશ?યકતા છે. તેના માટે સર્વપક્ષીય રાજ્યકર્તાઓ ઉત્તરદાયી છે. વર્ષ ૧૯૯૦ના કાળમાં કાશ્મીરી હિંદુ મહિલાઓ પર બળાત્કાર થયા. તેમની હત?યા કરવામાં આવી. હિંદુઓ પોતાની ઓળખાણ ભૂલી જાય, એ રીતે બીક નિર્માણ કરવામાં આવી. ઈસ?લામી આતંકવાદ અને કાશ?મીરી હિંદુઓના હત્યાકાંડની વાસ?તવિકતા ઉજાગર થવી જોઈએ નહીં અને સામૂહિક આતંકવાદનો કારખાનો આ રીતે જ ચાલુ રહે, એવી ઇછા ઈસ્લામી આતંકવાદને કારણે જેમનો લાભ હતો, તેઓ કેળવી રહ્યા હતા.

‘પનૂન કશ્મીર’ના પ્રા. શૈલજા ભારદ્વાજે કહ્યું કે, કાશ્મીરી મુસલમાન સમાજે કટ્ટર આતંકવાદીઓને આમંત્રણ આપવાથી અને તેમની સહાયતા કરવાથી વર્ષ ૧૯૯૦માં કાશ્મીરી હિંદુઓનો નરસંહાર કરવામાં આવ્યો.

એ જ સમયે ‘આઝાદ કશ્મીર’ ના નામ હેઠળ આપેલી ઘોષણાઓમાં આતંકવાદી, ‘જે.કે.એલ.એફ.’ જેવા ઉગ્રવાદી સંગઠનો સાથે જ મુસલમાન નાગરિકો પણ સહભાગી થયા હતા. ભારતના સૈન્યદળે જો તે સમયે હસ્તક્ષેપ કર્યો ન હોત, તો કાશ્મીર ભારતથી વિખૂટો પડી ગયો હોત. આજે પણ ભારતના સૈન્યદળને કારણે જ કાશ્મીર પર ભારતનું નિયંત્રણ છે.

## પાટણ જીલ્લાના સાંતલપુર નો તાલુકા કક્ષાનો ખેલમહાકુંભ - ૨૦૨૧-૨૨ શ્રી એસ ડી આચાર્ય પ્રા.શાળા, વારાહી ખાતે યોજાયો



ખો ખો ની રમત યોજાયેલ જેમાં કુલ ભાગ લીધેલી ટીમો - ૨૯ કુલ કુમાર -૧૫૬, કુલ કન્યા - ૧૯૨, કુલ વિધાર્થી -૩૪૮ હતા

આ પ્રસંગે , ટી.ડી.ઓ . સાંતલપુર શ્રી વિજયસિંહ પરમાર (તા.સાંતલપુર), બીટ કે.ની શ્રી મહેશભાઈ ચૌધરી (તા.સાંતલપુર), અલેપ ખાન મલેક સરપંચશ્રી વારાહી ગ્રામ પંચાયત, સામાજિક અગ્રણી મુકેશભાઈ ઠક્કર, નારણભાઈ આહીર આચાર્યશ્રી ધોકાવાડા પ્રા.શાળા, પ્રવિણભાઇ ચૌધરી સી.આર.સી., આચાર્યશ્રી સા. ઉ.માધ્ય.શાળા વારાહી શ્રી વી.બી.પરમાર, આચાર્ય દેવિસિંહ પરમાર (શ્રી એસ.ડી.આચાર્ય પ્રા.શાળા વારાહી), શિક્ષકો વી.ડી.ગોકલાણી, કિરણભાઈ ઓડ, પ્રજાપતિ રણજીતભાઇ, સ્પોર્ટ્સ ટીચર મુકેશભાઈ ચૌધરી , કાળુભાઈ ,રાજેશભાઇ પ્રજાપતિ તેમજ ભાગ લીધેલ શાળાઓના શિક્ષકો, વિદ્યાર્થી મિત્રો હાજર રહેલ.

## રાજ્યમાં પવનની દિશા બદલાવાવને કારણે ગરમ હવા ફૂંકાવવાની આગાહી કરવામાં આવી

અમદાવાદ,તા.૨૪

અરબી સમુદ્રમાં વારંવાર સિસ્ટમ સક્રિય થાય છે તેની અસર ગુજરાતના વાતાવરણમાં પર જોવા મળે છે. હવામાન વિભાગની આગાહીના મુજબ આગામી ત્રણ દિવસ રાજ્યનાં કેટલાક જિલ્લામાં હીટવેવની આગાહી કરવામાં આવી છે. આવતી કાલ સુધી ઉત્તર અને મધ્યમ ગુજરાતમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતા વાદળછાયું વાતાવરણ સર્જાયું છે. જ્યારે ૨૫ માર્ચથી તાપમાનમાં ૪ ડિગ્રી સુધી તાપમાન વધી શકે છે.

ગુજરાત રાજ્યમાં ૨૫મીથી એટલે શુક્રવારથી રાજ્યમાં પવનની દિશા બદલાવાવને કારણે ગરમ હવા ફૂંકાવવાની આગાહી કરવામાં આવી છે. જેના કારણે ફરી ગરમી વધવાની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગ અનુસાર બંગાળની ખાડીમાં સર્જાયેલા ડિપ્રેશનથી અમદાવાદ સહિત રાજ્યમાં મિશ્ર વાતાવરણ છે. ગયા અઠવાડિયા કરતા થોડી રાહત મળી છે. ત્યારે શુક્રવારથી ગરમી ફરી ૪૦ ડિગ્રીએ પહોંચવાની શક્યતા છે. બેથી ચાર ડિગ્રી તાપમાન વધવાની આગાહી કરવામાં આવી છે.વહેલી સવારથી જ અમદાવાદ સહિત ઉત્તર ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ સર્જાયું છે. રાજ્યમાં છેલ્લા અઠવાડિયામાં સતત કાળઝાળ ગરમીનો માર રહ્યો છે. તાપમાન ૪૧ ડીગ્રી સુધી પહોંચ્યું હતુ. માર્ચ મહિનામાં જ કાળઝાળ ગરમીનો અહેસાસ કર્યો અને ત્યારબાદ વાતાવરણ પલટો જોવા મળ્યો હતો જેના કારણે થોડી રાહત અનુભવાઈ હતી.

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરી છે કે, ૨૫થી ૨૭ માર્ચના સૌરાષ્ટ્રના દરિયા કિનારાના વિસ્તારમાં વાતાવરણ પલટો આવશે અને સામાન્ય વરસાદી છાંટા છે. હવામાન નિષ્ણાતનું માનવું છે કે, તાપમાન વધવાના કારણે અરબી સમુદ્રમાંથી ભેજ ઉપર આવ્યો છે. જેના કારણે અનેક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ જોવા સર્જાયું છે. વાદળછયા વાતાવરણના કારણે તાપમાન ઘટ્યું છે અને ગરમીમાંથી રાહત મળી છે પરંતુ ખેડૂતોની ચિંતા વધી છે.નોંધનીય છે કે, સુરત શહેરમાં સવારે આકાશ વાદળોથી છવાયા બાદ સમય આગળ વધતા વાદળો દૂર થવાની સાથે જ ફરીથી સૂર્યદેવતાનું રાજ જોવા મળ્યું હતુ. શહેરીજનો નરમ ગરમ દિવસ અનુભવ્યો હતો. જેમાં કલાકના ૧૦ કિ.મીની ઝડપે ગરમ પવન ફૂંકાતા શહેરીજનો હિટવેવથી તોબા પોકારી ઉઠયા હતા.

### પતિ પત્નીના શરીર અને આત્માનો માલિક નથી

# જો બળજબરી કરવામાં આવે તો બળાત્કાર કેસમાંથી છટકી નહીં શકે: કર્ણાટક હાઈકોર્ટ

બેંગ્લુરૂ.તા.૨૪

કર્ણાટક હાઈકોર્ટે મોટો ચુકાદો આપતાં કહ્યું છે કે પીડિતા તેની પત્ની હોવાનું કહીને કોઈ પુરુષને બળાત્કારના આરોપમાંથી મુક્ત કરી શકાય નહીં. હાઈકોર્ટે સાંસદોને એવું પણ સૂચન કર્યું હતું કે તેઓ સંસદમાં કાયદાના માર્ગમાં આવી રહેલી અસમાનતાઓને દૂર કરવાનો પ્રયાસ કરે. તેઓ ‘મૌન અવાજ’ પર ધ્યાન આપે છે. પીડિતા તેની પત્ની હોવાની દલીલ કરીને કોઈ પણ પુરુષ બળાત્કારના આરોપમાંથી બચી શકે નહીં. તે સમાનતાની વિરુદ્ધ છે. કર્ણાટક હાઈકોર્ટે મોટો નિર્ણય આપતાં સાંસદોને એવું પણ સૂચન કર્યું છે કે તેઓ સંસદમાં કાયદામાં આવી રહેલી અસમાનતાઓને દૂર કરવાનો પ્રયાસ કરે. તેઓ ‘મૌન અવાજ’ પર ધ્યાન આપે છે. જસ્ટિસ એમ. નાગપ્રસન્નાની સિંગલ બેન્ચે આ નિર્ણય આપ્યો હતો.




પીડિતાના પતિએ હાઈકોર્ટમાં અરજી કરી હતી, પરંતુ કોર્ટે તેની સામેના બળાત્કારનો આરોપ છોડવાનો ઈંકાર કરી દીધો હતો. હાઈકોર્ટે કડક સૂરમાં કહ્યું કે વર્ષો જૂની સ્ટીરિયોટાઈપ ખતમ કરવી જોઈએ, જેમાં પતિને તેની પત્નીનો શાસક માનવામાં આવે છે. એટલે કે તે તેની પત્નીના શરીર, મન અને આત્માનો સ્વામી છે. હાઈકોર્ટે સ્પષ્ટપણે કહ્યું કે જાતીય સતામણીથી પત્નીની માનસિક અને શારીરિક સ્થિતિ પર ગંભીર અસર પડશે.

કર્ણાટક હાઈકોર્ટે જણાવ્યું હતું કે પતિના આવા કૃત્યોથી પત્નીને માનસિક અને શારીરિક આઘાત થાય છે. હાઈકોર્ટે પોતાની ટીપ્પણીમાં એમ પણ કહ્યું કે હવે કાયદા ઘડનારાઓ માટે મૌનનો અવાજ સાંભળવો જરૂરી બની ગયો છે. આમ, બેન્ચે અરજદાર સામે ચાલી રહેલી કાર્યવાહીમાં દખલ કરવાનો સ્પષ્ટપણે ઈનકાર કર્યો હતો. આરોપી પતિ પર પોક્સો એક્ટ હેઠળ બળાત્કાર અને ક્રૂરતાનો પણ આરોપ મૂકવામાં આવ્યો છે.

વૈવાહિક બળાત્કારના વધતા જતા કિસ્સાઓ પર ચિંતા વ્યક્ત કરતા કર્ણાટક હાઈકોર્ટે અવલોકન કર્યું છે કે પતિ દ્વારા તેની પત્ની પરના જાતીય હુમલાના પરિણામો ખૂબ જ ગંભીર હોય છે આઈપીસીની કલમ ૩૭૫ બળાત્કારની વ્યાખ્યા કરે છે. આ અંતર્ગત એવી જોગવાઈ છે કે જો પત્ની સાથે શારીરિક સંબંધ બાંધે તો પતિને બળાત્કારના ગુનામાંથી મુક્તિ મળે છે. જોકે, પત્નીની ઉંમર ૧૮ વર્ષથી ઓછી ન હોવી જોઈએ. જણાવી દઈએ કે આ પહેલા દિલ્હી હાઈકોર્ટે પણ કેન્દ્ર સરકારને વૈવાહિક બળાત્કારના મામલામાં પોતાનું વલણ સ્પષ્ટ કરવા કહ્યું છે.

ગયા વર્ષે ઓગસ્ટમાં કેરળ હાઈકોર્ટે આકરી ટીપ્પણી કરી હતી કે ભારતમાં વૈવાહિક બળાત્કાર માટે સજાની કોઈ જોગવાઈ નથી. જો કે, આ કેસ છૂટાછેડા માટેનું કારણ બની શકે છે.

### ભગવંત માન મુખ્યમંત્રી બન્યા પછી પ્રથમ વખત વડાપ્રધાન મોદીને મળ્યા

# મેં માંગ કરી છે કે અમને ઓછામાં ઓછા સતત બે વર્ષ માટે પેકેજ તરીકે ૫૦ હજાર કરોડ મળે : માન

નવીદિલ્હી,તા.૨૪

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને ગુરુવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કર્યા બાદ જણાવ્યું કે પીએમ સાથેની મુલાકાત સારી રહી. વડાપ્રધાને મને મુખ્ય પ્રધાન બનવા માટે ચૂંટણી જીતવા બદલ અભિનંદન પાઠવ્યા, મારા સારા સ્વાસ્થ્યની શુભેચ્છા પાઠવી. માને જણાવ્યું કે મેં વડાપ્રધાનને કહ્યું છે કે પંજાબ દેશની આઝાદી વખતે પણ અને હવે દેશની આઝાદીની જાળવણીમાં પણ છાતી ઠોકીને ઉભો છે. નેશનલ સિક્યોરિટી માટે પણ પંજાબને તમારા સહયોગની જરૂર છે.



## ભગવંત માને જણાવ્યું કે વડાપ્રધાને પણ મને કહ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે મળીને કામ કરશે

ભગવંત માને જણાવ્યું કે દેશના દુશ્મનોએ ઘણી વખત પંજાબનું વાતાવરણ બગાડવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ પંજાબનું સામાજિક બંધન ખૂબ જ મજબૂત છે, અહીંના લોકો શાંતિ અને સૌહાર્દ ઈચ્છે છે. વડાપ્રધાને આશ્વાસન આપ્યું કે તેઓ જે પણ પ્રસ્તાવ લાવશે, દેશની સુરક્ષા માટે તેમના તરફથી સંપૂર્ણ સહયોગ મળશે.

ભગવંત માને જણાવ્યું કે મેં પીએમ પાસે બીજી પણ એક માંગ કરી છે. મેં તેમને જણાવ્યું છે કે પંજાબની આર્થિક સ્થિતિ ખૂબ જ ખરાબ છે. ત્રણ લાખ કરોડથી વધુનું દેવું છે. દિવસ-રાત મહેનત કરીને અમારી નવી સરકાર બની છે. મેં માંગ કરી છે કે અમને ઓછામાં ઓછા સતત બે વર્ષ માટે પેકેજ તરીકે ૫૦ હજાર કરોડ મળે, ત્યાં સુધી અમે અમારી તિજોરીની નાણાકીય સ્થિતિનું સંચાલન કરીશું, પંજાબ પોતાના પગ પર ઊભું રહેશે.

પંજાબના મુખ્યમંત્રીએ જણાવ્યું કે મને આશા છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી નાણામંત્રી નિર્મલા સીતારમણ સાથે વાત કરશે અને પંજાબની માંગ પર સમર્થન આપશે. ભગવંત માને જણાવ્યું કે વડાપ્રધાને પણ મને કહ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે મળીને કામ કરશે. મેં એમ પણ જણાવ્યું કે જો હું પંજાબનો વિકાસ કરીશ તો દેશને ફાયદો થશે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS N0:0089**

વિષય સંબંધ/ લાગણી અને મહેણા ટોણા

ગદ્ય

શીર્ષક: સંબંધનો બંધ

પ્રવિણા અવિનાશ

---

નાની નદી પર બંધ બાંધવો હોય કે મોટા ભાખરાનાગલ જેવા ટકાઉ બંધ બાંધવા હોય. પાયામાં સિમેન્ટ અને

મજબૂત લોખંડ જોઈએ. તેમ જીવનમાં સંબંધ ના બંધ બાંધવા માટે પાયામાં , પ્રેમ , લાગણી, વિશ્વાસ અને

નિસ્વાર્થ નાખ્યા હોય તો કોની તાકાત છે આ બંધમાં ગાબડું પણ પાડી શકે !

જીવન અને સંસાર સરતો રહે છે. સંબંધ છે જે તેમાં મધુરતા ની ફોરમ ફેલાવે છે. આજની તારીખમાં કેટલા સંબંધ

ગણાવું જે છેલ્લા ૬૦ વર્ષથી વિશ્વાસ ઉપર ટક્યા છે. જીવનના કોઈ પણ વાવાઝોડાએ તે ગઢ ની કાંકરી પણ

ખેરવી નથી. હા, અમુક સંબંધોમાં વાદ વિવાદ, મત ભેદ જરૂર ઉત્પન્ન થાય. પણ સૂર્ય પ્રકાશ અંધારું ભેદી

ઉજાસ લાવે તે રીતે શંકાના વાદળ હટતાં તે સંબંધ પાછા પૂર્વવત થઈ જાય.

સહુ પ્રથમ તો અહમ નો ટકરાવ અગત્યનો ભાગ ભજવે છે. આવી પરિસ્થિતિમાં ઉભયપક્ષે સમજવાની જરૂર છે.

"હું કહું તે ખરું'. 'મને આમ જ ગમે' એવા બેહુદા વાક્યો વિવાદ ઉભા કરે છે. કદાચ વ્યક્તિની લઘુતા ગ્રંથિ પણ

ભાગ ભજવે છે. એક પક્ષે ઉદારતા દાખવી વાત ને વાળી લેવી. બાકી નાની કે મોટી વાતો અને મનભેદ

થી સંસાર ટૂટતા જોયા છે. પતિ અને પત્ની નમવા માટે તૈયાર નથી હોતા..

ઘણીવાર પત્ની "હું' ની મર્યાદા ઓળંગી બેફામ બને છે. યાદ રહે ," મારા કરતાં મોટો હું" . આ શરીરમાં બેઘર

"હું" એટલો બધો વિસ્તાર પામેલો છે કે તેની કોઈ સીમા નથી. પ્યાર માટે તરસતો પતિ મનમાં મુંઝાય મરે છે.

તાળી બે હાથે પડે, એક હાથે માત્ર ચપટી વાગે ! સંબંધની પાવનતા અકબંધ રહેવા પ્રયત્ન બન્ને પક્ષ તરફથી

હોય તો , "સોનામાં સુગંધ ભળે" તેવું નયન રમ્ય વાતાવરણ સર્જાય..

મિત્રો નજીવા કારણસર સંબંધ વેરવિખેર થતા દેખાય છે. આજના ૨૧મી સદીમાં માતા અને પિતાની લાગણિ

પણ બાળકો ગણકારતા નથી. એક મિત્રને પોતાના પુત્ર જેની સાથે લગ્ન કરવા માગતો હતો તે પસંદ ન હતું..

સંજોગ એવા આવ્યા કે લગ્ન તેની સાથે કર્યા અને માતા તેમજ પિતા સાથેના સંબંધ કટ કર્યા. આને શું કહીશું ?

સંબંધની સરખામણી " વજ્ર થી પણ કઠોર અને ફુલથી પણ કોમળ" કહીશ તો અતિશયોક્તિ નહી લાગે.

પ્રવિણા અવિનાશ.હ્યુસ્ટન

---

**NOG SS No-106**

**NOG સાહિત્ય સરિતા ગ્રુપ**

પ્રકાર -ગદ્ય (વાર્તા)

શબ્દ:-૨૭૫

વિષય:-

'સંબંધો/લાગણીઓના મહેણા-ટોણા'

શીર્ષક:“શબ્દના સંગે સમાણી ખુશી" (વાર્તા)

મુક્તિદા કુમાર

'મનચલી'

---

આજના દિવસે.

“ચાવીનો ઝૂડો"

(યાદગાર અનુભવ).

એવું શું હતું? જેને હું તડપતી હતી? જેનામાટે,હું તડપતી હતી.,મારી ઉંમર હતી,અઢારવર્ષની ..હું બહુજ શરમાળ હતી, રોમરોમ નીતરતાંજોબનથી,રુપરુપનો ભંડાર હતી,પણ છકેલી છાકટેલી છોરી નહોતી. એટલે જ તો,એ મને ગમતો હતો છતાં,પણ મારામાં હિમ્મત નહોતી કે કહી દઉં

**"I love you"**.એ મારી જિંદગીમાં આવશે.નહિ આવે?!!!એજ વિચારોમાં,હું ખોવાયેલી રહેતી.અમે એકજ કોલેજમાં ભણતાં હતાં. એટલે,જવાઆવવાનો સમય,રીસેસમાં કેન્ટીનમાં જવાનું, ‘હું'એવી રીતે ગોઠવતી કે ‘એને'હું જોઈ શકું!! ક્યારેક તો હું એની નજર સામે પણ ખાસ આવી જતી.અને મનમાં ને મનમાં,પેલાં ફૂલનાં પત્તાં ખેરવતી ને ગણતી,અને વિચારતી.."એ મને પ્રેમ કરે છે કે નહિ?? "સમય વીતતો ગયો..આવા ઘણા ‘મનના બનાવેલા મિત્રોલ્લ, જિંદગીમાં આવીને ગયા!! પણ એક નજરે,એકીટશે, પ્રથમ"પ્રેમ"ને હું એ લોકોમાં શોધતી રહી.! !

એ 'પ્રેમ' મને મારા'પતિ'માં દેખાયો,અને એમને હું પરણી.

હું 'ગામડીયણ' અને સાસરીયા **'sophisticated,'**

હું તળપદું ગુજરાતી બોલું,અને અહીં ઘરની ભાષા જ અંગ્રેજી!!! હું મનમાં ને મનમાં,એટલી તો અકળાઉં કે થાય "ક્યાં જાઉં? કોને કહું.."! આમ...સમય તો વહેતો ચાલ્યો... મારા સાસરીયાના સગાંમાં, કોઈના લગ્નનો પ્રસંગ આવ્યો.અમે સૌ એમને ત્યાં લગ્નમાણવા ગયાં.એ ઘર નાનું હતું.મારા સાસુજીને સાડી બદલાવવી હતી. એમણે પોતાની કમરે લટકતો ચાવીઓનો,ચાંદીનોઝૂડો મને આપ્યો.એ લઈ,હું તો મોટા ઘરની મોટીવહુવારુ!!! એટલે..લગનના કામોમાં મદદ કરાવવા લાગી ગઈ. ત્રણ/ચાર કલાક પછી, સાસુજીએ"ચાવીનોઝૂડો" માંગ્યો...

મારાતો હોશકોશ ઊડી ગયા.કારણકે,ચાવીનોઝૂડો 'મને' આપવામાંઆવ્યો છે! તે 'મને' યાદ પણ ક્યાં રાખી દીધો તે યાદ જ નહિ! લગનવાળા ઘરમાં શોધમ્શોધ! ક્યાંય ચાવીનોઝૂડો મળે નહિ! મનમાં થાય!"કેવું લાગશે? લોકોશુંકહેશે"? ચાવીનોઝૂડો મળે નહિ! અને ફફડાટ વધતો જ જાય. હું રડવા માંડી.એઘડીએ, મારાસાસુજી બોલ્યાં.."રડો છો શું? તમે મારી 'દિકરી' જેવાંજ છો.મારાથી, પોતાનાથી ચાવી ખોવાઈ હોત તો? લ્યો..'કાનજી મેતાની ગાંઠ બાંધુ છું" એટલું કહીને,સાડીનાપાલવનો ખૂણો વાળતાં..મને છાતી સરસી ચાંપી!! અને..એ ચાવી મળી ગઈ..

!આદત મુજબ..મેં મારા બ્લાઉઝમાં મૂકેલી,જ્યાં કોઈ ચોરનો હાથ,ના પહોંચે.!!

આ શબ્દોની 'ખુશી' મને આજે પણ છે.

જે દિવસ મારા સાસુજીએ ઉમળકાભેર,મને કહ્યું "તમે મારા દિકરી જ છો ને !. "મારી જિંદગીમાં,"હું"આ જ"પ્રેમ"ને ઝંખતી હતી. બસ એના "રંગરૂપ"જુદા હતા! બાળપણ,જુવાની,બુઢાપો! સમયસમયની ''યાદગીરી''..જુદાજુદા"પ્રેમ"ના રૂપમાં જુદા શબ્દના રૂપમાં

દેખા દેતી હોય છે.

"પ્રેમ"આપવો અને મેળવવો,એજ મારી ખુશી.

હું રાહ જોતી હતી કે, આ નવા ઘરમાં 'કોઈક' મને સમજે,સ્વીકારે.

અને "મારા સાસુજીના શબ્દો"મારી જિંદગીના યાદગાર અનુભવોનીચાવી બની ગયા.

---- મુક્તિદા કુમાર

---

**: NOG SS No : 0112**

વિષય,,,, લાગણીના સબંધો

વિભાગ -પદ્ય

શીર્ષક - લાગણીઓને લાગ્યો લૂણો

તા - ૨૪/૦૩/૨૦૨૨

મહેણા ટોણા અને મતલબમાં, જયારે લાગણી ઘવાય છે,

કુસુંપ અને કકળાટ નુ ,આગમન બસ ત્યારથી જ થાય છે.

લાગણીઓને લાગ્યો લૂણો ,તેથી લોહીના સબંધો શર્મશાર થાય છે.

લાગી રહ્યા પોતાના જ બધા પારકા, અને દૂરના નજીક જણાય છે.

સ્વાર્થ અતિ વધ્યો હવે સંસાર માં, અને ખલક માં ખેલ ખેલાય છે,

સગપણ માં થાય બહુ ફાટફૂટ ,જ્યાં લાગણીને બદલે છળકપટ થાય છે.

ઉપરછલી લાગણીઓ અંદરથી, સાવ ખોખલી જણાય છે,

અભ્યાસે મળે નહિ કોઈને 'રાજ 'જન્મ એનો ઉદર મા જ થાય છે.

આંધળી દોટ ના અતિ આવેગમાં , સંસ્કારો ઓછા થતા જાય છે.

નિજ કુળ કેરા સન્માન માં, ઓટ અને ખોટ, રોજ વર્તાય છે.

દેખાદેખી વાળે છે દાટ, સ્ટેટ્સની હરીફાઈ વધતી જણાય છે,

આધુનિકતા તણા અતિરેક માં, માવતર વૃદ્ધાશ્રમમાં જણાય છે.

રાજેશભાઈ વ્યાસ, " રાજ "

ધ્રુવનગર, મોરબી

---

**NOG SS NO:0022**

વિષય: લાગણીઓ મહેણાં ટોણાં

પ્રકાર: ગદ્ય

શીર્ષક: ગુંગળામણ

અનિકેત પોતાના દીકરા સમર્થ તરફ જોયું અને કહ્યું, "આ શું છે? આને તું રીઝલ્ટ કહે છે. સાલું આવા માર્ક મને મળ્યા હોત તો મારે ડુબી મરવું પડ્યું હોત. હવે બાજુવાળો શર્મા મને પૂછવા આવશે તો શું કહીશ? એના છોકરાના ગ્રેડ કેવા સારા હોય છે અને તું જો! તારે મહેનત નથી કરવી અને આખો સમય રખડવું હોય છે."

સમર્થ માટે આ નવું નહોતું, તેને રોજ વઢ પડતી. કારણ તો હંમેશાં મળી રહેતું. ભણવાનું હોય કે રમતગમત કે પછી કોઈ અન્ય કારણ. "મહેમાન આવે તો પગે લાગતાં શરમ આવે છે? આ વસ્તુ કેમ ફુટી ગઈ? મેં બુમ મારી તો તરત કેમ ન આવ્યો?"

સમર્થને અકળામણ થતી. તે વિચારતો કે મમ્મીપપ્પા કેટલી બધી આશાઓ મારી પાસે રાખે છે અને હું સાવ! ભણવામાં કેટલા પ્રયત્નો કરું છું, પણ ઓછા માર્કસ આવતા હોય તો હું શું કરું? લલિત મારાથી ભણવામાં હોશિયાર છે અને કિશન મારાથી રમતગમતમાં આગળ છે. મારું ફક્ત નામ જ સમર્થ છે બાકી હું દરેક રીતે અસમર્થ છું. હું શું કરું?

વઢ ખાવાના ડરથી કોલેજમાંથી આવીને તરત બહાર ભાગી જતો. તે મિત્રો સાથે પણ રમવા ન જતો. તેના મિત્રો પણ ઓછા થવા લાગ્યા.

એક દિવસ રાત્રે સાત વાગે અનિકેત સમર્થની રાહ જોઈ રહ્યો હતો ત્યારે મોબાઈલમાં સમર્થનો ઓડિયો આવ્યો.

'પપ્પા, હું તમને કંઈક કહેવા માગું છું, પણ ડર લાગે છે તમે ગુસ્સે તો નહીં થાઓ, તમે તરત વઢવા તો નહીં માંડો. હું ભણવામાં મહેનત તો કરું છું, પણ કદાચ તમારા જેટલો હોશિયાર નથી એટલે વધુ માર્કસ નથી આવતા. મને ફરક નથી પડતો કે કોણ શું કહે છે, પણ તમે શું કહો છો તો ફરક પડે છે. હું રમતગમતમાં પણ હારું છું, પણ જીતવાનો પ્રયત્ન તો ચોક્કસ કરું છું. હું લાયક બનવાના પ્રયત્ન કરું છું, પણ નાલાયક ઠરું છું, એમાં મારો દોષ કેટલો? શું અસફળ છું એટલે સારી રીતે જીવવાનો અધિકાર નથી?"

જેમ જેમ ઓડિયો આગળ વધતો ગયો તેમ તેમ અનિકેત અને નીતાની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. અનિકેત અને નીતાને પોતાની ભૂલનો અહેસાસ થઈ ગયો હતો. દીકરાનું ભવિષ્ય સુધરે તે માટે તે દીકરાનું વર્તમાન બગાડી રહ્યાં હતાં. બગડેલું વર્તમાન સારું ભવિષ્ય કેવી રીતે લાવી શકશે એ વિચારે અનિકેત બેચેન થઈ ગયો અની દીકરાને શોધવા બહાર નીકળ્યો.

જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

---

**NOG SS No.0007**

પ્રકાર : ગદ્ય

વિષય : સંબંધો/લાગણીઓ/મહેણાં ટોણાં

શીર્ષક : પરમ સંતોષ

વિદિશા...

એક વહુની વાત હું તમને કરીશ.લગ્ન કરીને સાસરે આવી. સહકુટુંબમાં રહેવાની આદત નહોતી.પરંતુ સાસરીમાં સહકુટુંબ. મિત્રો સહકુટુંબના જેમ ફાયદાઓ હોય છે એમ જ ગેરફાયદાઓ પણ હોય છે.મારા આ વિધાન સાથે કદાચ ઘણાં વડીલો સહમત નહીં થાય.પરંતુ હું સ્વાનુભવે આ વાત નક્કરપણે માનું છું.પિયરમાં તો જે કામ હાથમાં આવે તે કરી લેવાનું.કામ માટે કોઈની રાહ નહીં જોવાની.એવી નાનપણથી જ ટેવ પડેલી.જ્યાં સુધી ઘરનાં કામ પૂરાં ન થાય ત્યાં સુધી પગ વાળીને બેસવાનું નહીં.સાસરે આવીને પણ એજ આદત રહી.પરિણામે ઘરની મોટી વહુને મઝા પડી ગઈ.કારણ અહીં સાસરીમાં તો ઘરનાં કામના ભાગ પાડેલાં હતાં.એટલે માત્ર પોતાનાં ભાગનું જ કામ કરવું અને બાકીના કામો વિદિશા પોતાની ટેવ પ્રમાણે કરી લેતી.કામ તો કરી લેતી પાછું જેઠણીઓના કટુ વચનો જેમ કે " અમે થોડું કહ્યું હતું કરવા,કરે છે તો કંઈ ઉપકાર થોડી કરે છે?" વગેરે વગેરે. વિદિશાના સાસુની મોટી ઉંમરને ધ્યાનમાં રાખીને વિદિશા બને એટલું એમનું સન્માન જાળવવાનો પ્રયત્ન કરતી.જનરેશન ગૅપને લીધે પણ ઘણીવાર સાસુમા દલીલ કરતાં તો એમને ખૂબ જ પ્રેમથી સમજાવતી.પણ ક્યારેય અપશબ્દો ન બોલે કે ક્યારેય એમનું અપમાન ન કરતી. વિદિશા અને સાસુમા વચ્ચેના આવા સુમેળભર્યા સંબંધને લીધે વિદિશા હંમેશા જેઠાણીઓની ઈર્ષ્યાનું કારણ બનતી અને "નાટક કરે છે સારાં બનવાનું. સાસુમા ખોટાં હોય તોયે એમની હા માં હા કરીને સાસુમાને મસ્કા મારે છે.અમને આવા નાટકો ન આવડે.જે હોય તે મોઢે કહી દઈએ." બધાનાં ઘરમાં સાસુ મહેણાં મારે પણ અહીં તો ગંગા ઊલટી વહે.જેઠાણી સાસુમાને અને દેરાણીને મહેણાં મારે. પરંતુ ગમે તે થાય વિદિશા અને એની સાસુમા વચ્ચેના પ્રેમમાં કે સંબંધમાં ક્યારેય ઓટ ન આવી.આમને આમ વિદિશાના લગ્નને પચ્ચીસ વર્ષ પૂરાં થયાં.

સાસુમાએ પચ્ચીસ વર્ષોથી વિદિશાને એકસરખી ઘરની તમામ ફરજો બજાવતાં જોઈ હતી, ઘરનાં દરેક મોટાંઓને માન આપતાં,નાનાઓને પ્રેમ અને હૂંફ આપતાં,ઘરની દરેક સારી ખરાબ પરિસ્થિતિમાં અડગ ઊભી રહેતાં જોઈ હતી.

એનાં જ પરિણામ સ્વરૂપ એક દિવસ સાસુમાએ વિદિશાને પાસે બોલાવી એનાં માથે હાથ મૂક્યો અને બોલ્યાં, "બેટા વિદિશા મને તારાં માટે પહેલાં પણ કોઈ ફરીયાદ નહોતી અને આજે પણ કોઈ ફરીયાદ નથી.મને તારાથી ખૂબ સંતોષ છે કે મને તારાં જેવી વહુની સાસુ બનવાનું સૌભાગ્ય મળ્યું." બરાબર આઠ મહિના પછી ટૂંકી બિમારીમાં વિદિશાના સાસુમા ગુજરી ગયા. મહિના પછી સાસુમાનું વીલ ખોલવામાં આવ્યું.એમાં સાસુમાના ચાર દીકરા દીકરીના ભાગ સાથે પાંચમો ભાગ વિદિશાનો પણ હતો.નીચે એટલું જ લખ્યું હતું કે,"વિદિશા મારી વહુ નહીં પણ દીકરી જ બનીને રહી હતી.એટલે પાંચમો ભાગ ખાસ એને આપવો."

ભાગમાં શું આવ્યું એ વિદિશાને મન મહત્વનું નહોતું. પરંતુ ક્યારેય કોઈ સાસુએ કોઈ વહુનો જૂદો ભાગ પાડ્યો હોય એવું જૂજ જ બને.પરંતુ વિદિશાના સાસુએ એમ કરીને વિદિશાની સારપ પર મહોર લગાવી અને સાસુ વહુના સંબંધને એક આગવું સ્થાન આપતાં ગયાં. સાસુમાના આ એક વાક્યે વિદિશાને એનાં સમાજમાં દરેક જણે વગર કંઈ કીધે એક મોભ્ભી તરીકે સ્થાપિત કરી દીધી.

સત્યઘટના

લેખિકા : આરતી અઢીયા મરચંટ

મુંબઈ : કાંદિવલી

# ગીતા પર હાથ મુકી કેમ શપથ લેવામાં આવે છે?




એકવાર ભગવાન શ્રીહરિ વૈકુઠલોકમાં શેષ શય્યા ઉપર આંખો બંધ કરીને મનમાં હાસ્ય સાથે સૂતા હતા અને માતા લક્ષ્મીજી તેમના ચરણોની સેવા કરી રહ્યા હતાં તે સમયે દેવી લક્ષ્મીએ ભગવાનને પ્રશ્ન પુછ્યો કે ભગવાન આપ તમામ જગતના પાલનહાર હોવા છતાં પોતાના ઐશ્વર્યના પ્રત્યે ઉદાસીન બનીને આ ક્ષીર સાગરમાં ઉંઘ લઇ રહ્યા છો તેનું કારણ શું છે? શ્રીહરિએ પુન: હાસ્ય સાથે કહ્યું કે હે પ્રિયે ! હું ઉંઘી નથી રહ્યો પરંતુ પોતાની અંત:દ્રષ્ટિથી પોતાના તે તેજનો સાક્ષાત્કાર કરી રહ્યો છું, જેનો યોગીઓ પોતાની દ્રષ્ટિથી દર્શન કરે છે. જે શક્તિને આધિન આ સમગ્ર સંસાર છે.હું જયારે તેનું મનથી દર્શન કરૂં છું ત્યારે એવું લાગે છે કે હું નિંદમાં ડૂબેલો હોઉં પરંતુ એવું હોતું નથી.ભગવાને આટલી રહસ્યમય રીતે વાત કરી તો માતા લક્ષ્મીજીને કેટલીક વાત સમજમાં આવી તો કેટલીક વાતો સમજાઇ જ નહી.

માતાજીએ ફરીથી પ્રશ્ન કર્યો કે હે નાથ ! આપના સિવાય પણ કોઇ અન્ય શક્તિ છે કે જેનું આપ ધ્યાન કરો છો? આ વાતથી મને નવાઇ લાગે છે.ભગવાને કહ્યું કે દેવી ! આ વાતને સારી રીતે સમજવા માટે આપે ગીતાના રહસ્યને સમજવું પડશે. “ગીતાના તમામ અધ્યાય મારા શરીરના અંગ છે જેની આપ સેવા કરો છો.ગીતાના શરૂઆતના પાંચ અધ્યાયને મારા પાંચ મુખ જાણો.છઠ્ઠાથી પંદરમા સુધીના દશ અધ્યાય એ મારી દશ ભુજાઓ સમજો.સોળમો અધ્યાય મારૂં ઉદર છે જ્યાં ક્ષુધા શાંત થાય છે.અંતિમ બે અધ્યાય મારા ચરણ છે.આમ અઢાર અધ્યાય એ મારી ઈશ્વરીય મૂર્તિ સમજવી જોઇએ.તેને જાણવામાત્રથી પાપનો નાશ થાય છે.''ભગવાને ગીતાના અધ્યાયની આવી વ્યાખ્યા કરી તો માતા લક્ષ્મીજીની ઉત્સુકતા વધી ગઇ, ભગવાનને ખબર પડી ગઇ કે દેવીના મનમાં શું ચાલી રહ્યું છે.

શ્રીહરીએ કહ્યું કે દેવી.. જે વ્યક્તિ ગીતાના એક અધ્યાય અથવા એક શ્ર્લોકનું નિયમિત પાઠ કરે છે તે સુશર્માની જેમ તમામ પાપોથી મુક્ત થઇ જાય છે ત્યારે લક્ષ્મીજીએ સુશર્માની કથા સાંભળવાની ઇચ્છા વ્યક્ત કરી કે સુશર્મા કોન હતો? કંઇ જ્ઞાતિનો હતો? અને કયા કારણે તેની મુક્તિ થઇ? ભગવાને કહ્યું કે સુશર્મા નામનો એક ઘોર પાપી હતો તેનો જન્મ એક વૈદિક જ્ઞાન વગરના અને ક્રૂર કર્મો કરનારાના કૂળમાં થયો હતો.તે હંમેશાં ભોગ-વિલાસમાં ડુબેલો રહેતો હતો.માંસાહાર અને મદિરાપાનથી જીવન પસાર કરતો હતો. એક દિવસ સાપ કરડવાથી તેનું મૃત્યુ થાય છે.મૃત્યુ બાદ તેને નરકમાં અનેક યાતનાઓ સહન કરીને પછી પૃથ્વી ઉપર બળદના રૂપે જન્મ લે છે.પોતાના માલિકની સેવા કરતાં કરતાં આઠ વર્ષ વિતી ગયા, તેને ઓછું ભોજન આપવામાં આવતુ હતું અને સખત પરીશ્રમ કરવો પડતો હતો.એકવાર બળદ મુર્છિત થઇને બજારમાં પડી જાય છે. આ જોઇને બજારમાં અનેક લોકો ભેગા થઇ જાય છે અને બળદનું આગળનું જીવન સુધરે તે માટે પોતાના ભાગનું પુણ્ય અર્પણ કરે છે, આ ભીડમાં એક વેશ્યા આવે છે તેને પાપ-પુણ્યની ખબર નથી તેમ છતાં સંકલ્પ કરે છે કે મેં જીવનમાં કોઇ પુણ્ય કર્યું હોય તો તેનું ફળ આ બળદને મળે. બળદ મર્યા પછી યમલોકમાં જાય છે. બળદના ખાતામાં જમા પુણ્યનો હિસાબ થાય છે ત્યારે એક આશ્ચર્યજનક વાત સામે આવે છે જેને આલોકના કોઇ વ્યક્તિને કહેવામાં આવે તો કોઇ વિશ્વાસ જ ના કરે.

બળદના પુણ્ય ખાતામાં સૌથી વધુ પુણ્ય વેશ્યાએ અર્પણ કરેલ દાનનું હતું.વેશ્યાએ આપેલ પુણ્ય દાનથી બળદને નરકલોકમાં મુક્તિ મળે છે અને આ પુણ્યફળના લીધે તેને માનવરૂપમાં જન્મ મળે છે અને મનુષ્ય જન્મ આપતાં પહેલાં તેની શું ઇચ્છા છે તે પુછવામાં આવે છે. આવું સૌભાગ્ય કરોડોમાં કોઇ ધર્માત્માને જ મળે છે. માનવના રૂપમાં જન્મ લેતા પહેલાં તે માંગે છે કે હે પ્રભુ.. બળદની યોનિ મને મારા પૂર્વના કર્મોના ફળ ભોગવવા દંડના રૂપે મળી હતી એટલે મારી ઇચ્છા છે કે મનુષ્ય જન્મ મળ્યા પછી હું એવા કોઇ કર્મ ના કરૂં કે જેનાથી મારૂં ભાવિ ખરાબ થાય.પરમાત્માએ કહ્યું કે તો તારી શું ઇચ્છા છે? ત્યારે તેને કહ્યું કે મને એવી શક્તિ પ્રદાન કરો કે મને પુર્વજન્મની સ્મૃતિ યાદ રહે જેનાથી હું કોઇ ખરાબ કર્મો ન કરૂં. પરમાત્માએ તેની ઇચ્છાનો સ્વીકાર કર્યો અને તેની ઇચ્છા પૂર્ણ કરી.મનુષ્ય જન્મ મળ્યા પછી સૌથી પહેલાં તેની ઉપર જેને ઉપકાર કર્યા હતા તેનો બદલો ચુકવવાનો નિર્ણય કર્યો.

પૃથ્વી પર આવીને પ્રથમ જેના પુણ્યથી તેને મુક્તિ મળી હતી તે વેશ્યાને શોધવા નીકળે છે અને તે વેશ્યાને મળીને તમામ હકીકત કહે છે કે હે દેવી.. આપ ધન્ય છો.આપ જે કર્મ કરો છો તે તો નીચ કર્મ કહેવાય છે તેમછતાં આપણી પાસે આટલા સંચિત પુણ્ય કેવી રીતે ભેગા થયા તે નવાઇની વાત છે. હું એ જાણવા માગું છું કે આપે કયું પુણ્ય મને અર્પણ કરેલુ કે જેના લીધે મને નરકલોકમાંથી મુક્તિ મળી? વેશ્યાએ એક પોપટની તરફ ઈશારો કરીને કહ્યું કે આ પોપટ દરરોજ કંઇક બોલે છે તેને સાંભળીને મારૂં મન પવિત્ર થઇ ગયું છે અને તે પુણ્ય મેં તમોને અર્પણ કર્યું હતું. વેશ્યાની વાત સાંભળીને સુશર્માને વધુ નવાઇ લાગે છે કે એક સ્ત્રીએ મને જે પુણ્યફળનું અર્પણ કર્યું કે જેના વિશે તેને પોતાને કશી જ ખબર નથી અને તે પુણ્યનો એટલો પ્રભાવ છે કે જેનાથી મારી અધમ યોનિ છુટી ગઇ. સુશર્માએ આદરપૂર્વક એ પોપટને પ્રણામ કર્યા અને તેના જ્ઞાનનું રહસ્ય પુછ્યું ત્યારે પોપટે તેના પૂર્વ જન્મની કથા કહી.પોપટે કહ્યું કે હું પૂર્વજન્મમાં વિદ્વાન હોવાની સાથે સાથે અભિમાની હતો અને તમામ વિદ્વાનો પ્રત્યે ઈર્ષા રાખતો હતો,તેમનું અપમાન અને અહીત કરતો હતો.મારા મૃત્યુ પછી હું અનેક લોકોમાં ભટકતો રહ્યો પછી મને પોપટની યોનિ મળી પરંતુ જુના પાપોના લીધે બાળપણમાં જ મારા માતા-પિતાનું મૃત્યું થયું. એકવાર રસ્તામાં હું બેભાન થઇને પડ્યો હતો ત્યારે દૈવયોગે ત્યાંથી ઋષિ-મુનીઓ પસાર થાય છે. મને આવી અવસ્થામાં જોઇને તેમને દયા આવે છે અને મને પોતાની સાથે લઇ જાય છે.આશ્રમમાં આવીને મને એક પિંજરામાં પુરી જ્યાં વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે છે ત્યાં મુકી દે છે. હું ત્યાં સમગ્ર ગીતાનું જ્ઞાન શિખ્યો.સાંભળતાં સાંભળતાં ગીતાનો પ્રથમ અધ્યાય મને કંઠસ્થ થઇ ગયો. શ્રીમદ ભગવત ગીતાના બીજા અધ્યાયો મને શિખવા મળે ત્યાર પહેલાં એક શિકારીએ મને આશ્રમમાંથી ચોરી લઇ આ દેવીને વેચી દીધો.હું મારા સ્વભાવવશ આ દેવીને દરરોજ ગીતાના શ્ર્લોક સંભળાવતો હતો અને તે પુણ્ય આ દેવીએ આપને અર્પણ કરેલું જેના ફળસ્વરૂપે આપની નરકની યાતનામાંથી છુટકારો મળી મનુષ્યનો જન્મ મળ્યો છે. શ્રીહરિએ લક્ષ્મીજીને કહ્યું કે દેવી..જે મનુષ્ય ગીતાનો એક અધ્યાય વાંચે છે કે સાંભળે છે તેને ભવસાગર પાર કરવામાં કોઇ તકલીફ પડતી નથી. ભગવાને શ્રીમદ ભગવત ગીતાના વિભિન્ન અધ્યાયને પોતાના શરીરના અંગ બતાવી કહ્યું કે ગીતામાં સાક્ષાત મારો વાસ છે.ગીતાનો સ્પર્શ કરવાનો અર્થ છે આપ શ્રીનારાયણના અંગોનો સ્પર્શ કરી રહ્યા છો.ભગવાનનો સ્પર્શ કરીને સોગંદ લેવાથી કોઇ અસત્ય નહી બોલે આવા વિશ્વાસથી કોર્ટમાં ગીતા ઉપર હાથ મુકીને સોગંદ લેવામાં આવે છે.કર્મની વ્યાખ્યા સમજાવતાં ગીતા આપણને શિખવાડે છે કે વ્યવહારમાં મનુષ્યનું જીવન કેવું હોવું જોઇએ? અસત્ય બોલવું,લાલચ અને મોહમાં પડીને પોતાના નજીકના સબંધીઓ-મિત્રોને અયોગ્ય સલાહ આપવી અને ધર્મના વિરૂદ્ધ આચરણ કરવાથી મનુષ્યનું એકલાનું નહી પરંતુ સમગ્ર કૂળના નાશનું કારણ બને છે. ગીતાજીની આજ્ઞાઓને ભગવાનની આજ્ઞા સમજવી, ગીતાથી અધિક કોઇ શાસ્ત્ર નથી, તેની મહત્તા વેદ કરતાં વધુ છે તેનું અર્થ અને ભાવસહિત મનન કરવું.ગીતા અમોને આસક્તિ-અહંતા-મમતાનો ત્યાગ શિખવે છે.

વિનોદભાઇ માછી નિરંકારી

નવીવાડી,તા.શહેરા,પંચમહાલ

૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ક્ષય નો રોગ બીડી, સિગારેટ, તમાકુ વગેરે ના વધુ પડતા સેવનના કારણે થાય છે




ગાંધીનગર,

વિશ્વમાં દર વર્ષે ૨૪ માર્ચે વિશ્વ ક્ષય રોગ દિવસની ઉજવણી થાય છે. આ દિવસના માધ્યમ થકી મુખ્યત્વે ટીબીને કારણે કોઈનું મોત ન થાય, ટીબીની સારવાર દરેક રોગીને ઝડપથી મળી રહે, ઝડપી અને સસ્તા ક્ષયનાં ટેસ્ટ, ક્ષય સામે રક્ષણ આપતી રસી અને ક્ષય મુક્ત વિશ્વનાં હેતૂઓને સાર્થક કરવાના પ્રયાસ થઈ રહ્યાં છે. આ દિવસનો મુખ્ય હેતુ ક્ષય સામે જાગૃતિ લાવવાનો અને ક્ષય ને નાબૂદ કરવાના પ્રયાસો ને વેગ આપવાનો છે. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર ના નેતૃત્વ હેઠળ સ્વૈચ્છિક અને માનદ સેવાઓ આપતા પારા લીગલ વોલ્યુન્ટીયરસ ન્ફ શ્રી કાંતિલાલ વોરા અને અનિલ કક્કડના પ્રયાસો થકી વિશ્વ ક્ષય રોગ દિવસ તારીખ ૨૪-૦૩-૨૦૨૨ના રોજ સરકારી પ્રથમિક શાળા, બોરીજ, ગાંધીનગર ખાતે શાળાના વિદ્યાર્થીઓ માટે એક કાર્યક્રમનુ આયોજન થયુ હતુ.

કાર્યક્રમના મુખ્ય પ્રવક્તા શ્રી અનિલ કક્કડ એ જણાવ્યુ હતુ કે ડૉ રોબર્ટ કોચ એ બર્લીન ( જર્મની) ખાતે સને ૧૮૮૨ ની ૨૪ માર્ચે સૌ પ્રથમ પોતે ક્ષય રોગ માટે કરેલ સંશોધનો ની વિગતો દુનિયાભરના વૈજ્ઞાનિકો સમક્ષ મુકી હતી તે પછીથી તે ક્ષેત્ર મા સંશોધનો ના દ્વાર ખુલી ગયા હતા. જેના એક્સો વર્ષ પછી થી ૧૯૮૨ થી વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન ( ઉૐ ) દ્વારા ૨૪ માર્ચ ના દિવસ ને વિશ્વ ક્ષય રોગ દિવસ તરીકે માન્યતા આપી હતી. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન ( ઉૐ ) મુજબ દર વર્ષે દુનિયામાં કુલ કેસોમાં ત્રીજા ભાગના કેસો ભારતમાં નોંધાય છે અને આપણા દેશમાં આ રોગથી વર્ષે અંદાજે ૪,૫૦૦૦ લોકો મૃત્યુ પામે છે. ઉૐ અનુસાર, વિશ્વભરના ટીબીના દર્દીઓમાંથી ૨૪ ટકા ટીબીના દર્દીઓ ભારતમાં જ છે. ટીબી એક ચેપી બીમારી છે પરંતુ લાઇલાજ નથી. જે હવામાં હાજર માઇકોબેક્ટેરિયમ ટ્યૂબરકોલોસિસ નામના બેક્ટેરિયાના કારણ થી પ્રદૂષિત સુક્ષ્મ કણો ને જ્યારે કોઇ સ્વસ્થ વ્યક્તિ શ્વાસ મારફતે શરીરની અંદર લે છે ત્યારે તેને ટીબીની બીમારી થઇ જાય છે. સામાન્ય રીતે ટીબીની બીમારીની સૌથી મોટી અસર ફેફસાંમાં જ થતી હોય છે પરંતુ ફેફસાં ઉપરાંત બ્રેઇન, મોંઢુ, લીવર, કિડની, ગળા એટલે કે શરીરના કોઇ પણ અંગમાં ટીબીની બીમારી થઇ શકે છે. સમય અનુસાર લક્ષણોની ઓળખ કરીને બીમારી વિશે જાણવાની જરૂર છે જેથી લોકોનો જીવ બચાવી શકાય. ટીબીના લક્ષણો, ઉપલબ્ધ સારવાર, લેબોરેટરી તપાસ વિગેરે ની માહિતી પણ શ્રી કક્કડ એ રજુ કરી હતી. ટીબી થવાના કારણો પૈકી એક કારણ સીગારેટ. બીડી, તમાકુ, ધુમ્રપાન વિગેરે મુખ્ય બાબત છે. જેથી અંતમા તેઓએ હાજર ૧૦૦ થી પણ વધારે વિદ્યાર્થીઓ પાસે જીવન પર્યત વ્યસનો થી દુર રહેવા અને પર્યાવરણ નુ જતન કરવા સામુહિક શપથ વિધિ પણ કરાવી હતી. ટીમ ના અન્ય સભ્ય શ્રી કાંતિલાલ વોરા એ પણ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતુ. શાળાના આચાર્ય કાશ્મીરા બેન વ્યાસ એ આ કાર્યક્રમ ને સફળ બનાવવા તમામ સાથ સહકાર પુરા પાડ્યા હતા.

# શ્રીજી ગૌશાળા ખાતે વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો.શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રી (કડી–અમદાવાદ)નાં સાનિધ્યમાં 'ફુલફાગ ઉત્સવ' તા.૨૭ મી માર્ચ, રવીવારના રોજ ઉજવવામાં આવશે




રાજકોટ ,

રાજકોટ શહેરની ઉત્તર-પશ્ચિમે ભાગોળે જામનગર હાઈવે સ્થિત 'શ્રીજી ગૌશાળા', ગૌસેવાને સમાંતર અનેકો આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને પ્રેરક શિક્ષાત્મક કાર્યક્રમો ઉજવવામાં આવે છે. છેલ્લા બે વર્ષમાં કોરોનાના સંકટ કાળ અને રાજયમાં અનેક નિયંત્રણોને કારણે એકપણ કાર્યક્રમ યોજી શકાયા નહોતા હવે સરકારશ્રીની ગાઈડ લાઈનનું પુરતુ પાલન અને નિયંત્રણોમાં થોડી હળવાશ થતા લોક લાગણીને માન આપી રાજકોટ–જામનગર હાઈવે, નવા ક્રિકેટ સ્ટેડીયમ સામે, ન્યારા રાજકોટ ખાતે આવેલ ૧૯૦૦ ગૌમાતા યુક્ત શ્રીજી ગૌશાળામાં પરમ વિદ્વદ વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો.શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રી (કડી–અમદાવાદ)નાં સાનિધ્યમાં તા.૨૭ મી માર્ચ, રવીવારના રોજ સાંજે ૬–૦૦ કલાકેથી 'ફુલફાગ ઉત્સવ' નું આયોજન કરવામાં આવ્યું છે. વ્રજનાં 'હોરી–ધમાર–રસિયા' કિર્તનોની રમઝટ વચ્ચે શ્રી રાધાકૃષ્ણનાં વિવિધ લીલા નૃત્યો સાથે ફૂલોની રંગબેરંગી છોળો સાથે યોજાતા આ ફુલફાગ ઉત્સવમાં વિશેષ કડી–અમદાવાદનાં યુવા વૈષ્ણવાચાર્ય જેમની વિદ્વતા—સૌમ્યતા અને મધુર પ્રવચન શૈલીની વિશ્વભરમાં ખ્યાતી છે એવા પૂ.પા.ગો.શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રી પધારી 'વચનામૃતના ધર્મ બોધ સાથે વૈષ્ણવોને 'ફુલફાગ' ખેલી–ખેલાવી કૃતાર્થ કરશે.

લાંબા સમય પછી યોજાઈ રહેલા આ 'લોકોત્સવ'માં ભાવિકોને લાવવા લઈ જવા માટે 'શ્રીજી ગોશાળા' દ્વારા રાજકોટ શહેરના અમુક સ્થળો (૧) ત્રિકોણબાગ (૨) ભકિતનગર સર્કલ (૩) રૈયા ટેલિફોન એક્ષચેન્જ સર્કલ (૪) આલાપ ટવીન ટાવર,નાનામવા રોડ ખાતે સાંજે ૪ વાગ્યે બસની વ્યવસ્થા પણ કરાઈ છે જેથી બસમાં આવવા ઈચ્છુક ભાવીકો, ગૌપ્રેમીઓએ પોતાના વિસ્તાર નજીકનાં બસ પોઈન્ટ ઉપર સાંજે ૪-૦૦ વાગ્યે પહોંચવા યાદીમાં જણાવાયું છે. ભજન સાથે મધૂર ભોજન (પ્રસાદ) સહિત યોજાઈ રહેલા આ 'ફુલફાગ ઉત્સવ'માં વિશાળ સંખ્યામાં જોડાવવા ભકતોને શ્રીજી ગૌશાળા દ્વારા નિમંત્રણ આપવામાં આવ્યું છે. આ 'ફુલફાગ ઉત્સવ' ની વિશેષ માહિતી માટે દાસભાઈ (મો.૯૮૨૫૪ ૧૮૯૦૦), ભુપેન્દ્રભાઈ છાંટબાર (મો.૯૩૭૬૭ ૩૩૦૩૩), જયંતીભાઈ નગદીયા (મો.૯૪૨૭૪ ૨૯૦૦૧) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બે દિવસમાં ત્રણ અંગદાન

- **આદિજાતીના ૧૯ વર્ષીય બ્રેઇનડેડ ઉર્મિલાબેન વસાવાના અંગદાનની મહેક વનબંધુઓ માટે પ્રેરણારૂપ બની**
- **બે દિવસમાં થયેલ ત્રણ અંગદાનમાં મળેલા ૭ અંગોથી પીડિતોનું જીવન બદલાયું**
- **સિવિલ હોસ્પિટલમાં ૧૫ મહિનામાં ૪૫ અંગદાન થકી ૧૨૦ જરૂરિયાતમંદોને નવજીવન મળ્યું :-સિવિલ સુપ્રીટેન્ડન્ટ ડો. રાકેશ જોષી**

અમદાવાદ,

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બે દિવસમાં ત્રણ અંગદાન થયા છે. ત્રણ બ્રેઇનડેડ દર્દીઓના અંગદાનમાં મળેલા ૭ અંગોથી જરૂરિયાતમંદ દર્દીઓની વર્ષોની પીડાનો અંત આવ્યો છે.

આ ત્રણ અંગદાનમાં આદિજાતી સમુદાયની ૧૯ વર્ષીય બ્રેઇનડેડ ઉર્મિલાબેન વસાવાના પરિવારજનોએ કરેલો અંગદાનનો નિર્ણય રાજ્યના અનેક વનબંધુઓ માટે પ્રેરણારૂપ બન્યું છે.

ઉર્મિલાબેન અમદાવાદ જિલ્લાના દસક્રોઇ તાલુકાના અસલાલીમાં રહેતા હતા. ૨૦ મી માર્ચે તેઓનું માર્ગ અકસ્માત થતા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. ત્રણ દિવસની સારવાર દરમિયાન જીંદગી અને મોતની વચ્ચે ઝઝુમ્યા બાદ તેઓ બ્રેઇનડેડ થયા.ઉર્મિલાબેનના પરિવારજનોને સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા અંગદાન માટેની પ્રેરણા આપતા પરિવારજનોને અંગદાનનો જનહિતલક્ષી નિર્ણય કર્યો.ઉર્મિલાબેનના અંગદાનમાં બે કિડની અને એક લીવર મળ્યું જે કિડની હોસ્પિટલમાં દાખલ જરૂરિયાતમંદ પીડિત દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવ્યા જેના થકી તેમનું જીવન બદલાયું છે.

એવા જ એક અન્ય અંગદાતા મહેન્દ્રભાઇ વાઘેલાને પણ ૨૦ મી માર્ચે માથાના ભાગમાં ગંભીર ઈજા થતા ગઇ કાલે બ્રેઇનડેડ થયા હતા.પરિવારજનોએ અંગદાનનો નિર્ણય કરતા બે કિડની અને એક લીવરનું દાન મળ્યું છે.

અમદાવાદના જ ૫૨ વર્ષીય માયારામભાઇ કોરી પણ બ્રેઇનડેડ થયા બાદ ૧૯ મી માર્ચે તેમના પરિવારજનો દ્વારા અંગદાન માટેની તૈયારી દર્શાવતા એક લીવરનું દાન મળ્યું હતુ.

અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષીએ કહ્યું કે, છેલ્લા બે દિવસમાં થયેલ ત્રણ અંગદાન દ્વારા સિવિલ હોસ્પિટલના અંગદાનના સેવાયજ્ઞમાં ૧૫ મહિનામાં ૪૫ અંગદાતાઓ દ્વારા અંગદાનમાં મળેલા ૧૩૬ અંગો થકી ૧૨૦ પીડીત દર્દીઓનું જીવન બદલાયું છે.

છેલ્લા ત્રણ અંગદાનમાં આદિજાતિ સમુદાયના મહિલા દ્વારા કરવામાં આવેલું અંગદાન દર્શાવે છે કે અમદાવાદ સિવિલની માનવતાની મહેક વનબંધુઓ સહિત રાજ્યના દરેક વર્ગ સુધી પહોંચી છે. આદિજાતી સમુદાયની દિકરી દ્વારા કરવામાં આવેલું અંગદાન રાજ્યના ઘણાં વનબંધુઓ માટે પ્રેરણારૂપ બની રહેશે તેમ સિવિલ સુપ્રીટેન્ડન્ટે ઉમેર્યુ હતુ.

# પરપ્રાંતમાંથી દાહોદ જિલ્લામાં દારૂ લાવવા માટે ખેપીયાઓ નિત નવી તરકીબો અજમાવી રહ્યા છે




દાહોદ,

પરપ્રાંતમાંથી દાહોદ જિલ્લામાં દારૂ લાવવા માટે ખેપીયાઓ નિત નવી તરકીબો અજમાવી રહ્યા છે તેમ છતાં પોલીસ તેમને કોઈપણ રીતે ફાવવા દેતી નથી ત્યારે કોઈને પણ શક ન જાય તે રીતે મધ્યપ્રદેશથી એક એમ્બ્યુલન્સ 'ગાડીમાં ધાનપુર બાજુ લવાતો વિદેશી દારૂ બિયરનો વિપુલ જથ્થો ધાનપુર પોલીસે બાટણપુરા ગામે થી વોચ દરમિયાન પકડી પાડી ૩ મોબાઇલ ફોન તથા એમ્બુલન્સ ગાડી મળી રૂપિયા૪,૪૬,૦૪૦/- ના મુદ્દામાલ સાથે મધ્યપ્રદેશ ના ત્રણખેપીયાઓને ઝબ્બે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે પ્રાપ્ત વિગત અનુસાર ધાનપુર પી.એસ.આઇ બી એમ પટેલ તથા સેકન્ડ પીએસઆઇ સોલંકી તેમજ પોતાના સ્ટાફના પોલીસકર્મીઓ સરકારી ગાડી લઈ પોતાના પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં પ્રોહિ વોચ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન તેઓને મધ્યપ્રદેશ બાજુથી મહિન્દ્રા કંપની ની એમ્બ્યુલન્સમાં કેટલાક ખેપિયાઓ વિદેશી દારૂ બિયરનો વિપુલ જથ્થો ભરી ધાનપુર બાજુ આવતા હોવાની બાતમી મળી હતી જે બાતમીના આધારે ધાનપુર પોલીસે બાટણપુરા ગામના રોડ પર વ્યૂહાત્મક વોચ ગોઠવી હતી તે દરમિયાન બાતમી માં દર્શાવેલ મહિન્દ્રા કંપની એમ્બુલન્સ ગાડી દૂરથી આવતી નજરે પડતા વોચ માં ઉભેલ પોલીસ સાબદી બની હતી અને એમ્બ્યુલન્સ નજીક આવતા જ પોલીસે તેને ચારેય બાજુથી ઘેરી લીધી હતી અને ગાડીની અંદર નજર નાખતાં જ વિદેશી દારૂની પેટીઓ નજરે પડતા પોલીસ ચોંકી ઉઠી હતી પોલીસે એમ્બ્યુલન્સ માંથી રૂપિયા૮૧,૬૦૦/- ની કિંમત ના ૮૧૬ નંગ બિયર ટીન ભરેલ પેટી નંગ ૩૪ રૂપિયા ૨૪, ૪૮૦ /-ની કિંમતના લન્ડન હ્વિી રૈજાઅ ના કાચના ક્વાર્ટર નંગ ૧૪૪ ભરેલ પેટી નંગ ત્રણ તથા રૂપિયા ૨૪,૯૬૦/- ની કિંમત ના ગોવા વિસકી ના પ્લાસ્ટિકના ક્વાર્ટર નંગ ૧૯૨ ભરેલ પેટી નંગ ચાર મળી કુલ રૂપિયા૧,૩૧,૦૪૦/- ની કુલ કિંમતની બોટલ નંગ ૧૧૫૨ ભરેલ પેટીઓ નંગ ૪૧ તથા રૂપિયા ૧૫ હજારની કિંમતના ત્રણ એન્ડ્રોઇડ મોબાઇલ ફોન પકડી પાડી સદર દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ રૂપિયા ત્રણ લાખની કિંમતની મહિન્દ્રા કંપની ની એમ્બુલન્સ ગાડી મળી કુલ રૂપિયા૪,૪૬,૦૪૦/- નો મુદ્દામાલ કબજે લઇ એમ્બ્યુલન્સ માંથી મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના વરઝર ગામના સુનિલ પાનસિંહ સંગાડીયા અર્જુનભાઈ કરણસિંહ માવી તેમજ અલીરાજપુર જિલ્લાના બોર કુંઢીયા ગામ ના સુરેશ સેવલા ભાઈ બારીયા ની અટક કરી પકડાયેલા ઉપરોક્ત ત્રણેય જણા તેમજ ગાડીમાં પ્રોહી નો મુદ્દામાલ ભરી આપનાર મધ્યપ્રદેશના વરઝર ગામના શૈલેષ કરણસિંહ માવી તથા માલ મંગાવનાર મળી કુલ પાંચ જણા વિરુદ્ધ પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.(દાહોદ.પંચમહાલ બ્યુરો)

# વિશ્વ માંગલય સભાનું સ્નેહ સંમેલન યોજાશે

*દરેક કુટુંબનો પાયો "માતૃત્વ" છે. વ્યક્તિના ઘડતરની પ્રક્રિયા માટે જરૂરી ઉત્પ્રેરક બનવાની શક્તિ એક માતામાં હોય છે.માતૃત્ત્વની આગેવાની હેઠળનો સમાજ સદાય વિકાસ પામે છે . આપણો સનાતન ધર્મ આવ્યવસ્થાનું મુખ્ય ઉદાહરણ છે અને આપણો ભવ્ય ભૂતકાળ તેનો પુરાવો છે. "વિશ્વ માંગલ્ય સભા" એ વિચારમાં માને છે કે દરેક સ્ત્રી સાથે માતૃત્વનો સાર જોડાયેલો છે.*

*માતૃત્વએ એક કારકિર્દી છે અને દરેક માતામાં વ્યકિત નિર્માણની પ્રક્રિયા માટે જરૂરી પ્રોત્સાહક બનવાની શક્તિ રહેલી છે.દરેક કુટુંબનો મુખ્ય આધાર સામર્થ્યવાન ,સહનશીલ ,સૌમ્ય અને શક્તિશાળી "માતા" ઉપર રહેલો છે."વિશ્વ માંગલ્ય સભા" એક મહિલા સંગઠન છે જે રાષ્ટ્રધર્મ પ્રત્યે વધુ મજબૂત, સંસ્કારી, શક્તિથી ભરપૂર, તેજસ્વી અને કર્તવ્ય નિષ્ઠ "માતા"ના નિર્માણ માટે સમગ્ર ભારતમાં કાર્યરત છે. એજ ધ્યેયોને ધ્યાનમાં રાખીને, "વિશ્વ માંગલ્ય સભા" છેલ્લા ૧૨વર્ષથી લોકોને માતૃત્વનું મહત્વ સમજાવવા માટે સતત સમર્પિત છે.વિશ્વ માંગલ્ય સભાની અખિલ ભારતીય કારોબારી બેઠકતા.૨૫, ૨૬અને૨૭માર્ચ,૨?૨૨ના રોજ કર્ણાવતી, ગુજરાત ખાતે આયોજિત કરવામાં આવી રહી છે. બેઠકના સમાપન સત્ર માટે, ગુજરાતના તમામ કાર્યકર પરિવારોનું "સ્નેહસંમેલન" (અખિલભારતીયબેઠક - સમાપનસમારોહ) નું આયોજન તા. ૨૭માર્ચ,૨?૨૨ને સાંજે ૫:૩?થી૭:૩?કલાકે રાખેલ છે.માનનીય શ્રી દેવવ્રતજીઆચાર્ય, માનનીય રાજયપાલશ્રી, ગુજરાતની વિશેષ ઉપસ્થિતિમાં સ્નેહસંમેલનનું આયોજન કરવામાં આવશે.*

*આ કાર્યક્રમમાં વિશ્વ માંગલ્ય સભાના સ્થાપક સભાચાર્ય પરમ પૂજ્ય શ્રીજિતેન્દ્રનાથમહારાજ પણ ખાસ ઉપસ્થિત રહેશે.*

*"સ્નેહ સંમેલન" કાર્યક્રમમાં "વિશ્વ માંગલ્ય સભા",કર્ણાવતી-ગુજરાતના કારોબારી સભ્યોની પણ જાહેરાત કરવામાં આવશે.આ સ્નેહ સંમેલનું આયોજન કર્ણાવતી વિશ્વ માંગલય સભાનાં અધ્યક્ષ શ્વેતા જનક ખાંડવાલા દ્વારા કરવામાં આવ્યું છે*

# માણાવદર પોલીસ લાઇન સામેથી ટ્રેકટરની ચોરી

રિપોર્ટર - જીજ્ઞેશ પટેલ માણાવદર,

માણાવદર,

માણાવદર પોલીસ લાઇન સામેથી ટ્રેકટરની ચોરી થયાની ઘટના સામે આવી છે. આ બનાવ અંગે ખીમાભાઇ બાવનજીભાઇ છેલાણા (ઉ.વ.૫૪ રહે. પોલીસ લાઇન સામે માણાવદર) એ કોઇ અજાણયો ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી કે, ગત તા.૨૨ના રોજ ફરિયાદીની માલીકીનુ એમ.એફ. કંપનીનુ ૨૪૧ ડી.આઇ. ટ્રેકટર નં.- ય્ત્ન ૧૧ મ્ઇ ૮૧૫૫ કિ.રૂ. ૪,૦૦૦૦૦/- વાળુ પોતાના ઘર પાસે પાર્ક કરેલ હોય જે કોઇ અજાણયો ઈસમ ચોરી કરી લઇ ગયો હતો. પોલીસે આ બનાવની ફરિયાદ પરથી આરોપીને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.



## ડીસા તાલુકા વિકાસ અધિકારી ચેમ્બરમાં દારૂ પીધેલી હાલતમાં ઝડપાયા બાદ નોંધાઈ ફરિયાદ

બનાસકાંઠા બ્યુરો

રિપોર્ટ : દીલીપ ગોહીલ

ડીસા તાલુકા વિકાસ અધિકારી ચાર મહિના અગાઉ પોતાની ઓફિસમાં દારૂ પીધેલી હાલતમાં જાણવા મળતાં વિદ્યાર્થીઓએ ભારે હોબાળો મચાવ્યો હતો જે બાદ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી તાલુકા વિકાસ અધિકારીને ઝડપી પાડી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જે બાદ ટીડીઓના સેમ્પલ લઈ એફએસએલમાં મોકલવામાં આવ્યા હતા જે સેમ્પલ પોઝિટિવ આવતા આખરે તાલુકા વિકાસ અધિકારી સામે ડીસા ઉતર પોલીસે પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બનાસકાંઠા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારી સામે ફરિયાદ નોંધાતા વહીવટીતંત્રમાં ચકચાર મચી જવા પામી છે. ડીસા તાલુકાના વિડિયો ચાર મહિના અગાઉ પોતાની ચેમ્બરમાં દારૂ પીધેલી હાલતમાં ઝડપાયા હતા તેના વિરુદ્ધ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સમગ્ર ઘટનાની વાત કરવામાં આવે તો ડીસા તાલુકા વિકાસ અધિકારી બી.ડી સોલંકી જે ચાર મહિના અગાઉ પોતાની ચેમ્બરમાં દારૂ પીધેલી હાલતમાં જાણવા મળ્યું હતું આ વિદ્યાર્થીઓ પોતાના આવકના જાતિના દાખલા માટે ધરમ ધક્કા ખાઈ રહ્યા હતા. પરેશાન થઈ ઉઠેલા વિદ્યાર્થીઓ તાલુકા વિકાસ અધિકારી બી ડી સોલંકીના ચેમ્બરમાં જઈ વિદ્યાર્થીને પડતી મુશ્કેલી જણાવવા જતા પરંતુ તાલુકા વિકાસ અધિકારી બીડી સોલંકી વિદ્યાર્થીઓ સાથે બેહુદુ વર્તન કરી નશાની હાલતમાં હોય તેવું વિદ્યાર્થીઓને જણાતા વિદ્યાર્થીઓએ હંગામો મચાવ્યો હતો.

# વિશ્વ ક્ષય દિવસ નિમિતે દાહોદ નગરમાં જનજાગૃતિ રેલી યોજાઈ



દાહોદ,

વિશ્વ ક્ષય દિવસ નિમિતે દાહોદમાં જનજાગૃતિ રેલીને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી અને નગરપાલિકા પ્રમુખરીનાબેન પંચાલ સહિતના મહાનુભાવોએ પ્રસ્થાન કરાવ્યું હતું. જિલ્લા ક્ષય કેન્દ્રથી આ રેલી નગરના વિવિધ માર્ગો પરથી ક્ષય નાબૂદીના વિવિધ સૂત્રો સાથે પસાર થઈ હતી. આ વેળાએ સીડીએચઓ સી.આર. પટેલ, સીડીએમઓ સંધ્યાબેન, જિલ્લા ક્ષય અધિકારી સહિતના અધિકારીઓ, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.


(દાહોદ.પંચમહાલ બ્યુરો)

# દાહોદ જિલ્લામાં વનરક્ષકની પરીક્ષા સંદર્ભે જરૂરી આદેશો કરાયા

(દાહોદ, પંચમહાલ બ્યુરો)

પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં ઝેરોક્ષ મશીનનો ઉપયોગ કરી શકાશે નહી

પરીક્ષાર્થીઓ મોબાઇલ ફોન-ઈલેક્ટ્રોનિક સાધનો પરીક્ષા સ્થળે લઇ જઇ શકશે નહી



દાહોદ જિલ્લામાં આગામી તા. ૨૭ માર્ચે વનરક્ષક સવર્ગ ૩ ની પરીક્ષા યોજાનાર છે ત્યારે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટએ.બી. પાંડોરે પરીક્ષા દરમિયાન ઝરોક્ષ સેન્ટરના સંચાલકો ઝેરોક્ષ મશીનનો દૂરઉપયોગ ના કરે તે માટે કેટલાંક આદેશો કર્યા છે.તદ્દઅનુસાર, દાહોદ જિલ્લામાં જુદા જુદા પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના ત્રિજ્યાના વિસ્તારમાં આવેલા ઝેરોક્ષ મશીનના સંચાલકો દ્વારા પરીક્ષાના સમય દરમિયાન ઝેરોક્ષ મશીનનો થતો દૂરઉપયોગ રોકવા સારૂં, ઉક્ત પરીક્ષાના સમય દરમિયાન સવારના ૧૧ વાગેથી બપોરના ૩ વાગ્યા સુધી ઝેરોક્ષ મશીનો, કોપીયર મશીનનો ઉપયોગ કરી શકાશે નહી. તેમજ આ સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રના ૧૦૦ મીટરના વિસ્તારમાં માઈક વગેરે પણ વગાડી શકાશે નહીં.

પરીક્ષાર્થીઓ પણ એ બાબતની ખાસ ચીવટ રાખે કે મોબાઇલ ફોન, ડિજિટલ ઘડીયાલ કે અન્ય કોઇ પણ ઈલેકટ્રોનિક સાધનો સાથે પરીક્ષા સ્થળે પ્રવેશી શકાશે નહી. આ હુકમ સરકારી કચેરીઓના ઝેરોક્ષ મશીનોને લાગુ પડશે નહી. આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરાશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.